Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૦૮ • તા. ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૭ થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોના સંગઠન ઈનસ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ ઓફ ઈંડિયાના પ્રમુખ પદે ચૂંટાવવા બદલ CA શ્રી નિલેશ શિવજી વિકમશીને હાર્દિક અભિનંદન



**CA શ્રી નિલેશ શિવજી વિકમશી**

**CA, DICA, B.Com**

પદવી એટલે જ્ઞાનની અભિવ્યક્તિ,
પદવી એટલે કર્તવ્ય નીભાવવાની શક્તિ....
આટલું યાદ રાખી નવું પદ શોભાવજો....
સૌ અનુસરવા ચાહે એવી બનજો વ્યક્તિ !

**સ્વજનો – મિત્રો – હિતેચ્છુઓ**

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

**CA શ્રી નિલેશ શિવજી વિકમશી** (CA, DICA, B.Com) છેલ્લા ૨૭ વરસથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે પ્રેક્ટીસ કરી રહ્યા છે અને ઇ.સ. ૧૯૮૫ થી આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધી પ્રાપ્ત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ મે. ખીમજી કુંવરજી એન્ડ કું. ના પાર્ટનર છે. તેઓ નાણાકીય સેવાઓ (ફાયનાસીયલ સર્વિસેસ), સલાહ સુચન (કન્સલ્ટન્સી), તપાસ (ઇન્વેસ્ટીગેશન), કંપનીઓનું એકત્રીકરણ (મર્જર) અને પ્રાપ્તિ (એક્વીજેશન) અને મુલ્યાંકન (વેલ્યુએશન)ના નિષ્ણાત (સ્પેશ્યાલીસ્ટ) છે.

ઇ.સ. ૧૯૩૬માં સ્થપાયેલ સી.એ. ફર્મ મેસર્સ ખીમજી કુંવરજી એન્ડ કું. આજે વિશ્વ સ્તરે ૧૨મા મોટા એકાઉન્ટીંગ ગ્રુપ એચ એલબીના ભાગ રૂપે ૧૩૦ દેશોના વેપારીઓ અને ઉદ્યોગપતિઓને એકાઉન્ટસ્ અને વ્યવસાયિક બાબતોમાં માર્ગદર્શન આપી રહી છે. આ કંપની ૨૦૧૬માં તેનું ૮૦મું વર્ષ ઉજવી ચૂકી છે.

॥ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥

# નેહ ભર્યું આમંત્રણ

પ્રતિ, શ્રી સુથરીવાસી જ્ઞાતિજનો, નિયાણી બહેનો તથા સર્વે આરાધક ભાઈઓ અને બહેનો,

શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની અસીમ કૃપા અને સળંગ ૫૦ મા વર્ષીતપના આરાધક પરમપૂજ્ય અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ તથા અન્ય ગુરુભગવંતોના આશીર્વાદથી સુથરી મહાતીર્થના જિનાલયની ૧૭૮મી વર્ષગાંઠ વૈશાખ સુદ ૬,૭,૮ તા. ૧-૫-૨૦૧૭ થી તા. ૩-૫-૨૦૧૭ સુધી ઉજવવા માટે શક્તિમાન થયા છીએ. આ પ્રસંગે આપ સર્વેને જરૂરથી પધારવા આમંત્રણ છે.

## મહોત્સવની રૂપરેખા તથા નકરાઓ

તા. ૧-૫-૨૦૧૭ વૈશાખ સુદ ૬ સોમવાર : શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણ પૂજા નકરો રૂા. ૫,૫૫૫/-

તા. ૨-૫-૨૦૧૭ વૈશાખ સુદ ૭ મંગળવાર : મુળનાયક ઘૃતકલ્લોલ દાદાની ૧૮ અભિષેકની ઉછામણી સુથરીમાં જ બોલાવવામાં આવશે.

## અભિષેકના નકરા

| | | | |
|---|---|---|---|
| ૫,૫૫૫ | પ્રાચીન અજિતનાથ | ૫,૫૫૫ | ચૌમુખજી |
| ૫,૫૫૫ | નૂતન અજિતનાથ | ૫,૫૫૫ | સહસ્ત્રકુટ મંદિર |
| ૧૧,૧૧૧ | આદેશ્વર-શાતિનાથ-ધર્મનાથ (ગંભારો) | ૫,૫૫૫ | ચક્રેશ્વરી દેવી |
| ૧૧,૧૧૧ | કુંથુનાથ પરમાત્મા પ્રમુખ પાછળની પાંચે દેરીઓ | ૫,૫૫૫ | મહાકાલી દેવી |
| ૫,૫૫૫ | જીરાવલ્લા ચૌમુખજી શ્રી સોનરાય પ્રાસાદ | ૧,૧૧૧ | દાદાવાડી પગલા |

તા. ૩-૫-૨૦૧૭ વૈશાખ સુદ-૮ બુધવાર : સત્તરભેદી પૂજા, પાટલા પૂજન, શ્રી દાદાની ધજા

લી. શ્રી સુથરી જૈન સંઘ

**નોંધ :** મહોત્સવ દરમ્યાન પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા તથા દરેક ગંભારાના અઢાર અભિષેકના નકરાઓ ઉપર જણાવ્યા મુજબ વહેલો તે પહેલોના ધોરણે સ્વીકારવામાં આવશે. સંપર્ક શ્રી વર્ધમાન લોડાયા ૨૬૬૫૧૭૪૦/૨૬૬૫૧૭૪૬. જો એક જગ્યા માટે એકથી વધારે નામ આવશે તો તા.૨૬-૨-૨૦૧૭ ના માટુંગા મુકામે લકી ડ્રો મારફત બપોરે ૩ કલાકે નક્કી કરવામાં આવશે.

પ્રથમ ૧૦૦ સ્લીપર કલાસ ટ્રેનની ટીકીટના દાતા : માતુશ્રી તેજબાઈ વસનજી ઘેલાભાઈ છેડા પરિવાર
હ. ગુલાબભાઈ તથા લહેરચંદભાઈ છેડા

તા. ૧-૫-૨૦૧૭ સુધી સુથરી આવી જનારને સુથરીમાં જ ટીકીટના પૈસા મળશે.



**URVASHI MAHESH KHONA**
(B.Com/B.Sc., Hotel Management)
Hubli (Karnataka)
Age - 24 yrs.



## *Hearty Congratulations !!!!*

*Urvashi Mahesh Khona*, for successfuly completing her 6 months Intership at J. W. Marriott Hotel Dubai., And presently in her final year of Hospitality Management from V. M. Salgaokar Institute of International Hospitality Education, Salcete, Goa. (One of the best hote) Management Institutes in India.

*Wishing her a Bright and a Successful future ahead*

**Smt. Shantabai & Late Shri Navinchand L. Khona**
Hubli (Dadana)

**Smt. Meena and Shri Mahesh N. Khona**
Hubli (Parents) - 09448275584 • Sister - 09916366166

**Late Smt. Navalbai & Late Shri Kantilal Luthiya**
Allepey (Nanana)

**Mrs. Vaishali & Mr. Divesh Khona**
Cochin (Mangalore)

**Khazana -** Hubli - 08362266584

**Konark Floorings -** Hubli

**Kulin Hemraj Khona -** Thane (Mumbai) 09820144761

|| શ્રી સચ્ચાઈ માતાજીને નમઃ || || શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ || || શ્રી ભલારા દાદાય નમઃ ||



# આગોતરું આમંત્રણ

# શ્રી ભલારાદાદા મુળસ્થાનક

પીરફળીયા, તા. અબડાસા (કચ્છ), સુથરી – ૩૭૦૪૯૦

મુંબઈ ઓફિસ : મહેશ લોડાયા – સી/૧૦૦૪, સ્ટેશન પ્લાઝા, ભાડુંપ રેલ્વે સ્ટેશનની બાજુમાં, મુંબઈ – ૪૦૦૦૭૮.

## મુળસ્થાનક સોનથરીના શ્રી ભલારાદાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીના સંપૂર્ણ સંગેમરમરના મંદિરની પ્રતિષ્ઠા – ધ્વજાનું નિમંત્રણ

પ્રતિ, શ્રી ભલારાદાદા તથા સચ્ચાઈમાતાજીના આરાધકો, નિયાણી સહ પરિવાર....

સુથરીના આકાશમાં અનહદ આનંદ છે, ઉમંગ છે, કેમકે શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથની ૧૭૮મી ધ્વજા સંગ છે, ભક્તિનો રંગ અંગ અંગ છે, મારી આસપાસ સોનથરી બીચ (સાગર) તરંગ છે, ઉછરંગ છે.

મારું સૌભાગ્ય પીર ફળીયા મંદિરે નિવાસ છે, પાર્શ્વપ્રભુ પાસ છે, સૂર્યની રોશનીમાં સ્નાન કરું ને ચંદ્રની ચાંદનીમાં ચળકાટ કરું એવા આરસના મંદિર ઉપર બિરાજવાની તૈયારીમાં છું, આપના આગમનની રાહ જોઉં છું... જરૂરથી પધારશો ને ?

*પવનથી પ્રીત કરું સમગ્ર સોનથરીનું સિંહાવલોકન કરું,*
*સકલ જૈન સંઘ મને વંદન કરે.... હું પણ જાણે હાથ હલાવી સહુનું અભિવાદન કરું...*

૩ દિવસીય ઘૃતકલ્લોલ પાર્શ્વનાથદાદાની ૧૭૮મી ધ્વજા પણ સંગ છે
૫ દિવસીય શ્રી ભલારાદાદા-સચ્ચાઈ માતાજીનો મહા મહોત્સવનો મેળો છે
૩ દિવસીય શ્રી ધરમશી નુખ આઈમાતાની સામુહિક પહેડી પણ સંગ છે

આવા ત્રિવેણી સંગમે મેળાના માંઢવડે ભેગા મળી મહાલવાનો અવસરછે, સાજન-માજન-સ્નેહી સ્વજન, સાધર્મિકોના સંગે મહોત્સવના માહોલમાં સવેળા ઉતાવળા પધારશોજી.

લી. હું ભલારાદાદા તથા સચ્ચાઈ માતાજીની મંદિરની ધ્વજા...

*પ્રતિષ્ઠા યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં તથા સંગીતકાર / વિધિકાર શ્રી કેવલ સાવલા એન્ડ પાર્ટી*

નોંધ : આપણી નિયાણીઓ તથા પરિણીત બહેનોને આ શુભ અવસરે પધારવા ભાવભીનું આમંત્રણ. આ પ્રસંગે આપના પરિવારમાંથી લગ્નના જુહાર, છેડા-છેડીના જુહાર તથા નામકરણવિધિ કરવાના હોયતો અગાઉથી સજોડે જણાવવા વિનંતી.

## મહોત્સવની રૂપરેખા

| | | |
|---|---|---|
| તા. ૧-૫-૨૦૧૭ | સવાર | • કુંભસ્થાપના-દીપક સ્થાપના-જવારા રોપણ - માણેક સ્તંભ સવારે ૮ થી ૯.૩૦ |
| | | • શ્રી ભલારાદાદા-સચ્ચાઈમાતાજી-ગણપતિ-ક્ષેત્રપાલનો વરઘોડો તથા મંદિર પ્રવેશ સવારે ૧૧.૪૫ |
| | બપોર | • અભિષેકતથા સચ્ચાઈ માતાનું પૂજન |
| તા. ૨-૫-૨૦૧૭ | બપોર | • પાટલાપૂજન, નવગ્રહ, દશદિક્પાલ, અષ્ટમંગલ |
| તા. ૩-૫-૨૦૧૭ | બપોર | • દેવીપૂજન |
| તા. ૪-૫-૨૦૧૭ | સવાર | • શ્રી ભલારાદાદા - સચ્ચાઈ માતાજીની પ્રતિષ્ટા તથા ધ્વજા આરોહણ |
| | બપોર | • ૧૨.૩૯ વિજય મુહૂર્તે શાંતિસ્નાત્ર, |
| તા. ૫-૫-૨૦૧૭ | સવાર | • સૂર્યોદય પહેલા ભલારાદાદા મંદિરનું દ્વાર ઉદ્‌ઘાટન |

• દરરોજ રાત્રે ભાવના, ડાયરો, દાંડીયા રાસ વગેરે અનુકુળતાએ પ્રોગ્રામ રાખેલ છે.

**ચડાવા તથા આદેશ તા.૨૬–૨–૨૦૧૭ રવિવાર, રામજી અંદરજીની વાડી, નપુહોલની બાજુમાં – માટુંગા, મુંબઈ –૧૯. બપોરે ૨ કલાકે ચાલુ થશે. (ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે.)**

લી. ભલારાદાદા મુળસ્થાનક કમીટી વતી :

શ્રી કુલીનકાંત પદમશી પીર : 098205 70999
શ્રી મયુર ખીમજી પીર : 098210 54521
શ્રી મહેન્દ્ર પદમશી પીર : 099305 00030
શ્રી મહેશ લક્ષ્મીચંદ લોડાયા : 098696 12369
શ્રી કિર્તી પદમશી લોડાયા : 098331 52695

વેલેટ પાર્કિંગની સુવિધા રાખવામાં આવી છે.

**શ્રી કમલેશભાઈ પછી શ્રી નિલેશભાઈ ભારતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોના સર્વોચ્ચ સંગઠનના પ્રમુખ નીમાયા તેમાં મે. ખીમજી કુંવરજી એન્ડ કાું (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્) ફર્મની કૌશલ્ય અને મૂલ્યનિષ્ઠાની પરંપરાની સાર્થકતા છે.**



**શ્રી ખીમજીભાઈ**



**શ્રી શિવજીભાઈ**



**શ્રી કમલેશભાઈ**



**શ્રી નિલેશભાઈ**

માત્ર જ્ઞાતિની જ નહીં સમગ્ર ભારતની અગ્રણી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ ફર્મ મે. ખીમજી કુંવરજી કંપનીએ રાષ્ટ્રની સેવામાં સ્વનામ ધન્ય સેંકડો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોની ભેટ આપી છે. આ કંપનીના બે ભાગીદારો શ્રી કમલેશ અને શ્રી નિલેશભાઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોના સર્વોચ્ચ સંગઠનના પ્રેસીડેન્ટ બન્યા, એ સુખદ યોગાનુયોગ તો છે જ તે સાથે આ ફર્મના સ્થાપક શ્રી ખીમજીભાઈ કુંવરજી અને તેમના અનુગામી શ્રી શિવજીભાઈના એકાઉન્ટન્સી (હિસાબ)માં ચોક્કસાઈ ઉપરાંત હિસાબનું ઓડીટ કરવામાં કલાયંટો અને રાષ્ટ્રના હિતમાં સંતુલન સાધવાના આગ્રહને કારણે ઊભી થયેલી શાખનોય મહત્વનો ફાળો છે.

CA નિલેશ શિવજી વિકમશીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોના સર્વોચ્ચ સંગઠનના પ્રેસીડન્ટ થવા નિમિત્તે મે. ખીમજી કુંવરજીની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની ફર્મ કેવી રીતે એ ક્ષેત્રની આદર્શ પરંપરા બની તેની ઝલક સમયોચિત ગણાશે.

મે. ખીમજી કુંવરજી એન્ડ કાું વ્યવસાયિક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ પેઢીના સ્થાપક શ્રી ખીમજી કુંવરજી વિકમશીનો જન્મ સને ૧૯૦૯માં કચ્છ રાણપરમાં થયો હતો. ખીમજીભાઈએ મેટ્રીક સુધીનો અભ્યાસ શ્રી સિધ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમમાં રહીને કર્યો હતો.

અનુસંધાન સામેના પાને

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



ઉ. વર્ષ : ૮૫

અરિહંત શરણ : તા. ૦૪.૧.૨૦૧૭

**ગં.સ્વ. ચંપાબેન દેવશી હીરજી મોમાયા**

ગામ : સુથરી – હાલ : વડોદરા

તમારા હેતની નહોતી કોઈ હદ, સ્નેહના નહોતા કોઈ સીમાડા...
મમતાની નહોતી કોઈ મર્યાદા, વાત્સલ્યના નહોતા કોઈ વાયરા...
આશિષમાં નહોતી કોઈ અધુરાશ, કરૂણાના નહોતા કોઈ કિનારા...
ઓ માં તુઝે ફુંકું કહા...
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને
ચીર શાંતિ અને ઉરચગતિ આપે એજ પ્રાર્થના.....

❖ શોકાતુર ❖

પુત્ર-પુત્રવધુ : શ્રીમતી લીના સ્વ. હેમેન્દ્ર દેવશી મોમાયા
પૌત્ર-પૌત્રવધુ : અ.સૌ. જલ્પા કુણાલ મોમાયા
પર પૌત્ર : મોક્ષ કુણાલ મોમાયા
પુત્રી-જમાઈ : ખમાવંતી પ્રતાપ લાલકા
હેમલતા ટેકેન્દ્ર ધરમશી
પ્રજ્ઞા પ્રમોદ નાગડા


**આયરીસ બેંકવેટ એ.સી. હૉલ**
**Iris Banquette**

અંગત અને સંસ્થાઓના નાના મોટા પ્રસંગો માટે
૧૦૦ થી ૪૫૦ જણની હોલ – ભોજનની વ્યવસ્થા
એકદમ વ્યાજબી ભાવે કરી આપશું.

સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390
જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758
સરનામું : પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ,
જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૦.



રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે

Since 1982...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

**શ્રી કમલેશભાઈ પછી શ્રી નિલેશભાઈ ભારતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોના સર્વોચ્ચ સંગઠન** – પાના નં. ૪ થી ચાલુ

આપણી જ્ઞાતિની બોર્ડીંગ (વિદ્યાર્થીગૃહ)માં ૧૯૩૨માં પ્રવેશ મેળવી ત્યાંથી GDA (CA સમકક્ષ) થયા. તે વખતે તેમને બેન્ક ઓફ ઈન્ડીયામાં નોકરી મળી શકતી હતી. પણ એકાઉન્ટન્ટનું શિક્ષણ આપતી એક ઈન્સ્ટીટયુટના પ્રમુખ શ્રી બાટલીબોયે ખીમજીભાઈને પોતાની સ્વતંત્ર વ્યવસાયિક પેઢી સ્થાપવા પ્રેરણા ને પ્રોત્સાહન આપ્યાં અને આમ ઇ.સ. ૧૯૩૬માં ખીમજી કુંવરજી કાું. ની સ્થાપના થઈ.

તે વખતે આપણાં જ્ઞાતિજનો રૂના વ્યાપારમાં સારી પેઠે સંકળાયેલા હતા. જેમાં અગ્રણી વેપારી વાલજી લધાભાઈએ ખીમજીભાઈને પોતાની પેઢીનું કામ સોંપ્યુ અને તે પછી જ્ઞાતિમાં અને ઇતર સમાજમાં ખીમજીભાઈ પોતાના વ્યવસાયમાં ઉત્તરોત્તર ક્લાયન્ટો મેળવતા ગયા અને ખૂબજ પ્રતિષ્ઠા હાંસલ કરી. જ્ઞાતિના આ પ્રખર વ્યવસાયિક અને સૌજન્યશીલ સમાજકર્મીનું ૬ ડિસેમ્બર ૧૯૮૨માં દેહાવસાન થયું.

જ્ઞાતિના આદરણીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને શિક્ષણકર્મી શીવજીભાઈ કુંવરજી વિકમશી (જન્મઃ સને ૧૯૨૭) ખીમજીભાઈ સાથે ખીમજી કુંવરજી કાું. માં સને ૧૯૫૨માં જોડાયા.

જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીગૃહ, કન્યા છાત્રાલય, શિક્ષણ પ્રસારક સમિતિના મુખ્ય કર્ણધાર, વિદ્યાર્થીસંઘના સ્થાપકોમાંના એક શીવજીભાઈ છેક ૧૯૪૮થી આજપર્યંત સતત અને વધતી ઉમરે પણ આજે ૯૦ વર્ષની જૈફ વયે પણ બમણા ઉત્સાહથી શૈક્ષણિક ક્ષેત્રે સંપૂર્ણતઃ સમર્પિત એક પ્રેરક વ્યક્તિત્વ ધરાવે છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ પ્રેક્ટીસનું નિયમન કરતી ઈન્સ્ટીટ્યુટ (આઈસીએઆઈ)ની સેન્ટ્રલ કાઉન્સીલમાં ૬૩ વર્ષની વયે શીવજીભાઈ ૧૯૯૧માં ચુંટાઈ આવ્યા હતા ને ૧૯૯૪માં સ્વેચ્છાએ તે સભ્યપદથી નિવૃત્ત થયા હતા.

ખીમજી કુંવરજી કાું.ના દ્વિતીય અગ્રક્રમના ભાગીદાર કમલેશ શીવજી વિકમશીનો જન્મ સને ૬ ડિસેમ્બર ૧૯૬૦ના થયો. પહેલા જી.સી.ડી. (ગવર્નમેન્ટ કમર્શીયલ ડિપ્લામા)નો કોર્સ કર્યા બાદ ચાર્ટર્ડ એકાઉન્ટન્સીના અભ્યાસમાં જોડાયા ને સને ૧૯૭૮માં ટ્રેનીંગ (આર્ટીકલશીપ)નો પ્રારંભ કરી. ૧૯૮૨માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થઈ તેમણે ખીમજી કુંવરજી કાું. માં ભાગીદાર તરીકેની વ્યવસાયિક કારકિર્દીના પગરણ માંડ્યા અને આજે એ ફર્મના મુખ્ય કેન્દ્રવર્તી ભાગીદાર તો છે જ પણ સાથે અન્ય વ્યવસાયિકોમાં પણ સન્માનપૂર્વક આદર મેળવી રહ્યા છે.

કમલેશભાઈ પણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડીયા (ICAI) ની કાઉન્સીલમાં સને ૨૦૦૪માં ઉપપ્રમુખ અને બીજા વર્ષે ૨૦૦૫ માં પ્રમુખ તરિકે પદભાર સંભાળ્યો.

દરમ્યાન કમલેશભાઈએ ટેક્ષ ઓડીટના માર્ગદર્શન વિષય પર ૧૯૯૯માં એક પુસ્તક પ્રકાશિત કર્યું હતું. આંતરરાષ્ટ્રીય ધોરણોના સમકક્ષ ભારતમાં ઓડીટ ધોરણો નવરચિત કર્યા છે અને ઉક્ત ઈન્સ્ટીટ્યુટ માટે દિલ્હી, હૈદ્રાબાદ અને મુંબઈમાં (બાંદ્રા સંકુલ)માં જમીનો મેળવવા મુખ્ય ભાગ ભજવ્યો છે.

કમલેશભાઇએ ઉત્તરોત્તર વિશેષ સિધ્ધિઓ મેળવી છે જેમકે ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટ (IFAC) ના બોર્ડ મેમ્બર તરિકે ૨૦૦૫થી ૨૦૦૮ અને ધી કોન્ફેડરેશન ઓફ એશીયા એન્ડ પેસીફીક એકાઉન્ટન્ટસ (CAPA) ના પ્રમુખ તરીકે સૌ પ્રથમ ભારતીય ચૂંટાયા હતા. અને આ બધી સિધ્ધિઓમાં સર્વોત્તમ યશકલગી રૂપે યુનોના સેક્રેટરી જનરલ શ્રી કોફી અનાને કોર્પોરેટ ગવર્નન્સની સ્ટીયરીંગ કમિટિ જે આખા વિશ્વમાં છ સ્વતંત્ર નિષ્ણાતોની બનેલી છે તેમાં નિષ્ણાત તરિકે તેમની નિમણૂંક થઈ. ટુંક સમય પહેલા UN નાં ડેવલપમેન્ટ પોગ્રામ (UNDC) ની એડવાઈઝરી કમીટીમાં પાંચ સભ્યો પૈકી કમલેશભાઈએ સેવા આપેલી છે.

શિવજીભાઈ, કમલેશભાઈ પછી નિલેશભાઈ પણ નવા અને ઊંચા કિર્તિમાનો સ્થાપી રહ્યા છે. જેમાં ભારતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોના સર્વોચ્ચ સંગઠન (ICAI) ના ઉપપ્રમુખ અને હવે પ્રમુખ થવા ઉપરાંત સી.એ. નો અભ્યાસક્રમ આંતરરાષ્ટ્રીય સ્તરીય બનાવવા, વ્યવસાય સંબંધી કાયદા સરળ અને સમયાનુરૂપ બનાવવા, હિસાબ રાખવાની પધ્ધતિઓ તથા તેના ધોરણો પારદર્શક અને સચોટ બનાવવાના નિયમો ઘડવા સંબંધી અનેક સમિતિઓના સભ્ય હોવું સામેલ છે. તેમણે સર કરેલા શિખરોમાં એસ.બી.આઈ. લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ અને એલ.એલ એફ.એફ જૂથની સંપતિનું મેનજમેન્ટ તથા બાંધકામ ક્ષેત્રની તેમજ ધ ફેડરલ બેંક લિમિટેડની ચેરમેનશીપ સહ બીજી ઘણી કંપનીઓની ડાયરેક્ટરશીપો છે.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

સુવર્ણ વર્ષીતપ આરાધક પ.પૂ. અચલગચ્છધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ત્રણે નૂતન આચાર્ય પોતાના બહોળા શિષ્ય પરિવાર સહ પાલીતાણાથી મુંબઈ મહાનગર તરફ કરેલ વિહાર નિર્વિઘ્ન પરીપૂર્ણ થાય એવી શાસનદેવોને પ્રાર્થના અનુમોદના સહ વંદન.
– ચિમન મોતા • તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 08/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## ગામોના સ્નેહમિલન અને પિકનિક

કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિનું સમાજજીવન જે વિવિધ સ્વરૂપે ધબકતું રહે છે તેમાંનું એક મહત્ત્વનું સ્વરૂપ એટલે મૂળ કચ્છ-હાલારના ગામોના સ્નેહમિલન અને પિકનિક.

કચ્છ-હાલારમાંથી અન્યત્ર વસ્યાને દાયકાઓ થયા પણ ગામના સ્નેહમિલન દ્વારા એ નાતો જોડાયેલો રહે છે. ઘણા લોકો એવા પણ છે જેમણે ઘણા વખતથી પોતાના મૂળ ગામ જોયા જ નહીં હોય તે છતાં મુંબઈમાં યોજાતા પોતાના ગામના સ્નેહમિલન દ્વારા તેમનો ગામ સાથેનો આડકતરો નાતો જળવાઈ રહે છે.

આ સ્નેહમિલનનોનું એક મહત્ત્વનું પાસું એ છે કે તેના દ્વારા પર્યુષણ કે પ્રસંગોએ ગામની મુલાકાત લેનારાઓના જૂથ રચાય છે અને વિસ્તરે છે. જેને કારણે ગામમાંના આરાધના સ્થાન તથા તેની મિલકતોને વહીવટ ચાલ્યા કરે છે.

ગામના તપસ્વીઓનું સન્માન અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન પણ આ સ્નેહમિલનના લાભકારી અંગ છે. એવી ઘણી પ્રતિભાઓ હશે જેમને પ્રથમ મંચ અને પ્રોત્સાહન ગામના સ્નેહમિલનમાં જ મળ્યું હશે.

આવી જ મહત્વની બાબત એટલે દાતાઓનું સન્માન-પ્રોત્સાહન જેથી મૂળ ગામના સમાજજીવનને ટકાવવા - આગળ વધારવા માટેનું ભંડોળ એકત્ર થાય.

ઘણા ગામો હવે સ્નેહમિલન ઉપરાંત પિકનિક પણ યોજતા થયા છે જે સ્નેહમિલનમાં તાજા થયેલા નાતાને નવો અર્થ આપે છે. વધુમાં આ બધાથી ગામની નવી વહુવારુઓનો ગામના સમાજજીવનમાં સમાવેશ કરી શકાય છે અને ગામની નિયાણીઓ સાથેનો નાતો અકબંધ રાખી શકાય છે.

સમાજજીવન ધબકતું રાખનાર દરેક વસ્તુ આવકાર્ય હોય તે સ્વાભાવિક છે પણ જે રીતે આ આયોજનો થાય છે તેના કેટલાક પાસા અંગે વિચારપ્રેરક ટીપ્પણ કરવાનું આવશ્યક લાગે છે.

પહેલી વાત એ છે કે આયોજકો પોતાનું ગામ આવા આયોજનોમાં પાછળ નથી એવું પ્રમાણપત્ર મેળવવાના મુખ્ય ઉદ્દેશ્યથી બૃહદ સ્તરના આગેવાનોને આવકારે છે. પ્રથમ દૃષ્ટિએ સારી લગતી આ વાત મોટે ભાગે ગામવાસીઓની આપસી આત્મીયતા વધારવા માટેના સમયમાં કાપ મૂકવામાં નિમિત્ત બને છે. એટલે આગેવાનો આ વાત જેટલી ટાળે એટલું ગામવાસીઓ અને નિયાણીઓની આત્મીયતા માટે સારૂં થાય એ વાત ધ્યાનમાં રાખવી રહી.

બીજું પ્રતિભાઓને મંચ આપતી વખતે પણ કેટલીક વખત ખોટા સંદેશ વ્યક્ત થવા દેખાય છે. દાખલા તરીકે દર ચાર-છ મહિને જેમાંથી સામાજિક રીતે અસ્વીકાર્ય સંદેશા મળતા હોય તેવા ગીતો હીટ થતા હોય છે અને નાના બાળકો-કિશોરીની પ્રતિભા વ્યક્ત કરવા નિમિત્તે આવા સ્નેહમિલન-પિકનિકમાં રજૂ થતા રહે છે.

દાખલા તરીકે આજકાલ આપણે આવા સ્નેહમિલનમાં નાની બાળકીઓ કે કિશોરીઓને 'સૈયાંજી સે મૈને બ્રેક અપ કર લીયા' જેવા સામાજિક રીતે ખોટા સંદેશવાળા પણ ધૂનને કારણે હીટ ગયેલા ગીત પર ડાન્સ કરતી જોઇ શકીએ છીએ.

બીજા શબ્દોમાં કહીએ તો સામાજિક-ધાર્મિક જીવન ટકાવવા ગામ સ્તરીય સ્નેહમિલન અને પિકનિક જેટલા આવશ્યક છે એટલી જ તેમાંથી આત્મીયતા અને સહજીવનના પાઠ શીખાય તે માટેની જાગૃતિ આવશ્યક છે.

આશા રાખીએ કે ગામના આયોજકો આ બાબત વિચાર કરી બૃહદ સ્તરના આગેવાનોને આમંત્રી રસભંગ કરવાનું તથા ખોટા સંદેશવાળી વસ્તુઓને મંચ આપવાનું બંધ કરશે.

## અનંતછાયાના વેચાણથી આવેલ પૈસમાંથી ભાંડુપ-કાંજુરમાં રહેઠાણ યોજના કરીએ

અનંતછાયાની જમીન વેચ્યાને સારો જેવો સમય થઈ ગયા છે. પણ જમીન વેચાણની રકમનું કોઈ સ્થાવર મિલકતમાં રોકાણ નથી થયું

અનંતનાથ ટ્રસ્ટ પાસે સારી જેવી બેન્ક ડીપાઝીટ હશે. તો ટ્રસ્ટ અનંતસિધ્ધિના પ્રોજેક્ટને ડેવલપ કરવા પ્રયત્નો ઇચ્છા જોઇએ.

ભાંડુપ અનંતસિધ્ધિમાં અત્યારે ૮૪ બ્લોક છે અને દરેક બ્લોક ૩૦૦ sq. feet. નો ગણીએ તો અંદાજે ૨૫૦૦૦ sq. feet. FSI થાય. તેના ઉપર TDR પણ એક્ટ્રા મળે તો કુલે ૫૦૦૦૦ sq. feet. બાંધકામ થઈ શકે.

એ બાંધકામ ૩ જાતના બ્લોક બનાવવા.

| | | No. of Flat | Total Area |
|---|---|---|---|
| ૧) | ૩૦૦ sq. ft. | ૪૦ | ૧૨૦૦૦ |
| ૨) | ૪૦૦ sq. ft. | ૪૦ | ૧૬૦૦૦ |
| ૩) | ૫૦૦ sq. ft. | ૪૪ | ૨૨૦૦૦ |
| | | ૧૨૪ | ૫૦૦૦૦ |

આમાં જરૂરી ફેરફાર કરી શકાય.

આ પ્રમાણે કોઈ આર્કીટેક પાસેથી પ્લાન કરાવી જેટલું પણ રહેઠાણ માટે બાંધકામ તેટલા બ્લોકો બનાવવા જોઇએ. તદુપરાંત બાંધકામ માટે જેટલી જગ્યા હોય તેમાં હૉલ, ઉપાશ્રય અને અતિથિગૃહના માટે નાના ઇન્ડીપેન્ટ રૂમ બનાવવા જોઇએ. ઉપરોક્ત વિગતો મેં મારા અંદાજે આપ્યા છે. વધારે તો પ્લાન બનાવવાથી ખબર પડે.

પ્રોપર પ્લાન તૈયાર કરી. કંસ્ટ્રક્શન માટે ગોદરેજ કે L & T જેવી કંપનીને કૉન્ટ્રેક્ટ આપવા જોઇએ. જેથી બાંધકામની ગુણવત્તા માટે જ્ઞાતિજનોની ટીકા સાંભળવી ન પડે.

આ અંગે ટ્રસ્ટ બોર્ડ યોગ્ય કરી. જલ્દીથી અમલ કરે એ જરૂરી છે. તેજ પ્રમાણે કાંજુરમાર્ગ માટેની જમીનનું પણ વિચારવું જોઇએ.

**– CA ઠાકરશી મેઘજી ગોશર**


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઇઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


**"અનંત સિધ્ધી" ભાંડુપ**
**"શ્રી નરસી નાથા સભાગૃહ" બેન્કવેટ હૉલ**

**મોનોપોલી, બુકીંગ, કેટરીંગ તથા ડેકોરેશન માટે**

**ફક્ત**

ANOKHEE
CATERING & DECORATION

**સંપર્ક : અશોક શામજી ખોના**

**મો. 093210 10180**

**ઑફીસ : 022-2595 9761**

*આપની વાડીમાં પ્રસંગ અનુરૂપ શ્રેષ્ઠ કેટરીંગ કરી આપીશું.*

**નોંધ : આમાં કોઈ ભાગીદાર નથી.**

## ૧૨૦૦ કિ.મી.નું સાયકલીંગ નિર્ધારિત સમય વહેલાં પાંચ કલાક પહેલાં પૂર્ણ કરીને ભાંડુપના ક.દ.ઓ.જ્ઞાતિના ચિરાગ મનોજ મોતાએ નવો ખેલ ઈતિહાસ રચ્યો

ભાંડુપના ચિરાગ મોતાએ ઓડેક્સ ઈવેન્ટ મુંબઈ રાઈડર્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજિત નિર્ધારિત મહત્તમ ૯૦ કલાકમાં ૧૨૦૦ કિ.મી. સાયકલીંગ કરવાની પ્રતિષ્ઠિત સ્પર્ધામાં સફળતાપૂર્વક સહભાગી થઈને મુલુંડ-ભાંડુપ-થાણાના ખેલપ્રેમીઓના દિલ જીતી લીધા છે. ૯૦ કલાકની ડેડલાઈન પ્રમાણે ચિરાગે મંગળવારે રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં સમાપન સ્થળે પહોંચવાનું હતું તેને બદલે તે ૮ વાગ્યે જ પહોંચ્યો હતો.

મંગળવાર તા.૧૪-૨-૨૦૧૭ના રાત્રે ૮ કલાકે સુખરૂપ મુલુંડ પહોંચેલા ચિરાગને સ્પર્ધાના પ્રારંભ અને સમાપન સ્થળ વસંત ઓસ્કાર ખાતે આવકારવા માટે મોટી સંખ્યામાં સાયકલ પ્રેમીઓ એકત્રિત થયા હતા. ચિરાગ મુલુંડથી તા.૧૧-૨-૨૦૧૭ના સવારના ૬ કલાકે ૧૨૦૦ કિ.મી.ના સાયકલીંગ માટે નીકળ્યો હતો. તેને ૧૨૦૦ કિ.મી. માટે વધુમાં વધુ ૯૦ કલાકમાં મુલુંડથી પુના (કાત્રજ), સતારા, મહાબલેશ્વર, નાસિક,


ચિરાગના પિતા મનોજભાઈ અને માતા ભાવનાબેન



ચિરાગ મનોજ મોતા


॥ શ્રી સચ્ચાઈ માતાજીને નમઃ ॥ ॥ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી ભલારા દાદાય નમઃ ॥

## શ્રી ભલારાદાદા મુળસ્થાનક ટ્રસ્ટ પીરફળીયા, સુથરી – કચ્છ.

મુંબઈ ઓફિસ : સી૧૦૦૪. સ્ટેશન પ્લાઝા, ભાંડુપ–વેસ્ટ, મુંબઈ–૪૦૦૦૭૮.

### સંપુર્ણ સંગેમરમરનું નુતન મંદિર

પીર ફળીયા, મુળ સ્થાનક સુથરીમાં બિરાજમાન શ્રી ભલારાદાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માં ના સંપુર્ણ સંગેમરમર (Marble) ના નુતન મંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧ થી ૫ મે ૨૦૧૭ ના સુથરી મધ્યે ધામધુમથી ઉજવવામાં આવશે.
આ પ્રસંગે ભાવિકો તથા નિયાણી બહેનો ને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

આપની નીચે જણાવેલ વિગત મુંબઈ ઓફિસ અથવા **Whatsapp** પર મોકલવા વિનંતી

ભાવિકનું નામ, ગામ, એડ્રેસ, વસ્તી પત્રક નં., ફોન નં / ઈમેલ

અમો તા.  /  /૨૦૧૭ કચ્છ/સયાજી ટ્રેનથી સુથરી પહોંચવાના છીએ તથા તા.  /  /૨૦૧૭સુધી રોકાવાના છીએ... પુરૂષ..... સ્ત્રી..... બાળકો..... ટોટલ

સહર્ષ જણાવવાનું કે આપણા મુળસ્થાનક ભલારા દાદા તથા સચ્ચાઈ માઁ ના સંપૂર્ણ સંગેમરમરના મંદિરના જીર્ણોદ્ધાર માટે નીચે મુજબના દાતાઓ આવકાર્ય છે.

૧) રૂા. ૫ લાખ – નિર્માણ દાતા
૨) રૂા. ૩ લાખ – સહ નિર્માણ દાતા
૩) રૂા. ૨ લાખ – સહાયક દાતા
૪) રૂા. ૧ લાખ – આધાર સ્તંભ દાતા

દાતાઓના નામ મંદિરના પરિસરમાં યોગ્ય સ્થાને ગ્રેનાઈટમાં સુવર્ણ અક્ષરે લખવામાં આવશે.
રૂા. ૫,૫૫૫ અખંડ દીપક તથા જીવદયાની તથા કાયમી તીથી તરીકે રાખવામાં આવેલ છે.

રૂા. ૧૧,૧૧૧ ના લક્કી ડ્રો કુપન. જેનું ૨૫૦ કુપન પુર્ણ થતા ડ્રો કાઢવામાં આવશે
જેનું નામ આવશે તેનું નામ રંગમંડપમાં લક્કી ડ્રો દાતા તરીકે યોગ્ય જગ્યાએ લખવામાં આવશે.

લી. ભલારાદાદા મુળસ્થાનક કમીટી વતી :

શ્રી કુલીનકાંત પદમશી પીર : 098205 70999
શ્રી મયુર ખીમજી પીર : 098210 54521
શ્રી મહેન્દ્ર પદમશી પીર : 099305 00030
શ્રી મહેશ લક્ષ્મીચંદ લોડાયા : 098696 12369
શ્રી કિર્તી પદમશી લોડાયા : 098331 52695

# શ્રી કચ્છી દશા ઓશવાલ જીવીસી જૈન સંઘનું

## દીક્ષા મહોત્સવનું

## આગોતરું આમંત્રણ...

Welcome to Ghatkopar Suriji

ABCDEFG અનંતનાથ હમારે પ્યારે જીનવરજી...

HIJKLMN દીક્ષા મહોત્સવ મેં પધારે સદા ચમન & અમન...

OPQRST હમકો મીલીએ બેસ્ટ ઓપોર્ચ્યુનીટી...

UVWXYZ કચ્છુંડી પૂ. ગુણોદયસાગરસૂરીજી હૈ હમારે ગુરુ.



: પ્રવજ્યા પ્રદાતા :
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.



ચારિત્રનાં ચાહક
મુમુક્ષુ કુ. ભાવિબેન રાજેન લોડાયા
ગામ - સાંયરા (ઘાટકોપર)

શ્રી જીવીસી સંઘના
આમંત્રણની પીજો પ્યાલી
મહોત્સવ નિહાળી
દીક્ષાને કરજો વ્હાલી,
તોડજો અષ્ટ કર્મની
ગુંથેલી મજબૂત જાલી,
જીંદગી બનાવજો
સિદ્ધ પ્રભુ જેવી નિરાલી...

**રવિવાર, તારીખ : ૧૬/૦૪/૨૦૧૭ ચૈત્ર વદ ૬, ગુરૂદેવોનું અલૌકિક સામૈયું**

**શુક્રવાર, તા. ૨૧/૦૪/૨૦૧૭**
**ચૈત્ર વદ - ૧૧ સાંજે ૮.૩૦ ક.**
**મુમુક્ષુ કુ. ભાવિબેનનો**
**વિદાય સમારંભ**
**રૂડા રાજ મહેલને ત્યાગી**

**શનિવાર, તા. ૨૨-૦૪-૨૦૧૭**
**ચૈત્ર વદ - ૧૨ સવારનાં**
**શુભમુહુર્તે દીક્ષા વિધીનું પ્રારંભ**

આત્મીય જ્ઞાતિજનો – સ્વજનો,

સૌ ભાવર – ભેંઢરુંને આમંત્રણ આપતાં અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ કે વર્ષોથી અમે નીહાળેલું સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યું છે. શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિનું બૃહદ્ મુંબઈમાં ત્રીજું શિખરબધ્ધ જિનાલય તથા સમગ્ર ૬૦ ફીટ માર્ગ ઉપર પ્રથમ શિખરબધ્ધ જિનાલયમાં અંજનશલાકા સહ પ્રતિષ્ઠા–દીક્ષાનો અષ્ટાન્હિકા મહોત્સવનાં પડઘમ વાગી રહ્યા છે. અચલગચ્છાધિપતિ તપસ્વીસમ્રાટ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., નુતન આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., નુતન આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., નુતન આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. સહ વિશાળ શ્રમણ - શ્રમણીવૃંદ મુમુક્ષુ કુ. ભાવિબેન રાજેન લોડાયાની** દીક્ષામાં નિશ્રા પ્રદાન કરશે.

શ્રી કચ્છી દશા ઓશવાળ જીવીસી જૈન સંઘને પ્રાપ્ત થયેલ પ્રવજ્યાના આ પ્રથમ પ્રસંગે આપસૌની પધરામણી શ્રી અનંતછાયા – ઘાટકોપર મધ્યે થાય એવી આશા સાથે આપની પ્રતિક્ષા કરીશું. આપ સૌ આજેજ આ પ્રસંગની તારીખો તમારી ડાયરીમાં નોંધી પધારશો એ તો ચોક્કસ જ છે...

**શ્રી કચ્છી દશા ઓશવાલ જીવીસી જૈન સંઘ વતી પ્રમુખશ્રી : સમીર લક્ષ્મીચંદ નાગડા**

UPASANA - 9820167767

ધુલીયા થઈ મુંબઈ પાછા ફરવાનું હતું. તેણે આ અંતર ૮૫ કલાકમાં જ પૂર્ણ કરી લીધું. ભાંડુપ સ્ટેશન પાસેની પીપરમીટવાળા ચાલમાં રહેતો ચિરાગ મનોજ મોતા મૂળ રાયધણજરના મોતા પરિવારનો ચિરાગ છે. તે પોતાની રુચિ પ્રમાણે સ્પોર્ટસ સાયકલીંગની દુકાનમાં કામ કરે છે.

તેની માતા ભાવનાબેન પણ પુત્રે કરેલા સફળ સાહસથી અચંબો પામ્યા છે. પિતા મનોજભાઈ મોતાએ ચિરાગ સાયકલીંગ કરી રહ્યો તે આખો સમય અજંપામાં વિતાવ્યો હતો પણ જેવો તે સુખરૂપ મુલુંડ પહોંચ્યો છે એના સમાચાર મળ્યા કે તેમનું હૈયુ ગદગદ થઈ ગયું હતું. ચિરાગ અમેરિકામાં યોજાનારી પ્રતિષ્ઠિત સાયકલીંગ સ્પર્ધામાં ભાગ લઈ શકે તે માટે તેના ચાહકોએ ચક્રો ગતિમાન કરી દીધા છે.

## શ્રી અખીલ ભારત અચલગચ્છ જૈન સંઘ અને શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરાજ સંઘ દ્વારા પાવાગઢ યાત્રા અનુષ્ઠાન અંગે સભા



શ્રી અખીલ ભારત અચલગચ્છ જૈન સંઘ અને શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરાજ સંઘ આદિ સંસ્થાઓના સંયૂક્ત ઉપક્રમે અઠ્ઠાઈ તપ સહ પાવાગઢ - માં કાલીમાની યાત્રા અને પ.પૂ. ગચ્છાધિપતિશ્રી, આ. ભગવંત નુતન આચાર્ય શ્રીઓની નિશ્રામાં સંઘોના મિલનનું આયોજન ૧૩ થી ૧૮ માર્ચના નિર્ધારિલ છે.

તે અંગેની પર-૪૨ના સર્વ મહાજનોના અધિકારીઓની એક સભા શુક્રવાર તા. ૨૪-૦૨-૨૦૧૭ના શ્રી માટુંગા કચ્છી પ.પૂ. જૈન સંઘના ઉપાશ્રય, પહિલે માળે સાંજે ૭ કલાકે એકત્ર મળશે.

## પેન્ટીંગસનું Week Exhibition



ઈ.સ. ૧૯૬૫/૭૦ દરમ્યાન કે.ડી.ઓ. મસ્જીદ સ્કુલમાં શૈક્ષણિક સહાયથી ભણેલા અને જ્ઞાતિના ઋણને આજ સુધી યાદ રાખનારા મધુસુદન ચાંપાનેરીયા બહોળા કે.ડી.ઓ. મિત્ર મંડળમાં ખૂબ પરિચીત, ગ્લાસ પેન્ટીંગ આર્ટીસ્ટ છે. તેમના પેન્ટીંગસનું Week Exhibition તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૭ના સાંજે ૫ કલાકેથી જહાંગીર આર્ટગેલેરી, ફોર્ટમાં છે. પરિચીતોને ઉદ્‌ઘાટનમાં નિમંત્રણ છે.






|| શ્રી અજિતનાથાય નમઃ || રજી નં. એ-૭૫-જામનગર

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

મુ.પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧૨૮૦

મુંબઈ કાર્યાલય : C/o. ૨૦૮, ભાવેશ્વર કૉમ્પ્લેક્સ, રેલ્વે સ્ટેશન પાસે, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

પ્રિય ગામવાસી ભાઈઓ, જય જિનેન્દ્ર !

**સર્વે ગામવાસી ભાઈ બહેનોને નવા વર્ષની શુભકામના. નવું વર્ષ આપ સૌને માટે સુખ-સમૃધ્ધીમય રહે એજ અભ્યર્થના. દલતુંગી ગામવાસીઓની મીટીંગ બોલાવવાનું નક્કી કરેલ છે. સર્વે ગામવાસીઓએ નોંધ લેવી તથા અચૂક હાજરી આપવા નમ્ર વિનંતી.**

**મીટીંગનો એજન્ડા નીચે મુજબ રહેશે.**

૧) વર્ષ ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫ ના ઓડીટેડ હિસાબ રજુ કરી બહાલી આપવી. ૨) વર્ષ ૨૦૧૫-૧૬ ના હિસાબ તૈયાર થવામાં છે. મીટીંગ સમયે શક્ય હશે તો રજુ કરવામાં આવશે. ૩) હાલના ટ્રસ્ટ બોર્ડની મુદત ૩૧ માર્ચ ૨૦૧૭ના પૂર્ણ થતી હોય, નવા ટ્રસ્ટીઓની નીમણૂંક પાંચ વર્ષ માટે (તા. ૧-૪-૨૦૧૭ થી ૩૧-૩-૨૦૨૨) કરવી. ૪) પૂજ્ય ગુરૂ ભગવંતોના ચાતુર્માસ માટે ચર્ચા વિચારણા કરવી. ૫) મહાજનવાડીના કામને ગતી મળે તથા ઉજવણી માટે ચર્ચા વિચારણા કરવી. ૬) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય મુદાઓની રજુઆત તથા ચર્ચા વિચારણા કરવી.

**સૌ ગામવાસીઓને અચૂક હાજરી આપવા નમ્ર વિનંતી.**

**મિટીંગ સ્થળ : શ્રી કચ્છી રોજગાર મીત્ર મંડળ હૉલ,**
૬, લવકુશ કો.ઑ. હૌ. સો., એમ.જી. રોડ, પાંચ રસ્તા,
કિર્તી મહલ હૉટેલના બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**સમય : સાંજે ૫ થી ૯ કલાકે**
**તારીખ :**
**રવિવાર, તા. ૧૯-૩-૨૦૧૭**

લિ. **શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર !**

**ક્રિસમસ અગાઉ હોલેન્ડમાં ઉજવાતા સિન્ટરક્લાસ ફેસ્ટિવલની મજા માણવા જેવી છે** – પાના નં ૨૮થી ચાલુ

ડચ માન્યતા મુજબ સિન્ટરક્લાસ સ્પેનના મેડ્રિડ શહેરમાં રહે છે. તેથી માન્યતા એવી છે કે નવેમ્બરની મધ્યમાં સ્પેનથી આવતી આગબોટમાં સાન્તા ક્લોઝ આવે છે અને નેધરલેન્ડ્સના કોઈ એક ગામના બંદરે ઊતરે છે. દર વર્ષે અલગ અલગ બંદરે ઊતરે છે કે જેથી વધુ બાળકોને લાભ મળે.

અમે ૨૦૧૫ની પાંચમી ડિસેમ્બરે નેધરલેન્ડ્સના એમસ્ટરડેમ શહેરમાં હતાં. આ ઉત્સવ ત્યાં કેવી રીતે ઉજવાય છે તે અમે પ્રત્યક્ષ જોયું. સિન્ટરક્લાસ એ વર્ષે એમ્સ્ટરડેમના બંદરે આવવાના હતા. એમનું સરઘસ ક્યા માર્ગે જશે એની માહિતી ડચ રાષ્ટ્રિય ટેલિવિઝન પર અપાઈ ગઈ હતી. કુતૂહલથી પ્રેરાઈને અમે સિન્ટરક્લાસ જ્યાં ઉતરવાના હતા ત્યાં સવારના દસ વાગ્યે પહોંચી ગયાં. ઘણા લોકો પોતાનાં બાળકો સાથે એમના સ્વાગત માટે જમા થયા હતા. સફેદ દાઢી અને રોમન કેથેલિક બિશપનાં વસ્ત્રોમાં સજ્જ સિન્ટરક્લાસ પોપની યાદ અપાવતા હતા. એમણે સૌનું અભિવાદન કર્યું. એમની સાથે ઝ્વાર્ટ પીટ તરીકે ઓળખાતા કાળા મોં અને હાથોવાળા મદદનીશો પણ હતા. મદદનીશોના હોઠ લાલ રંગ રંગેલા હતા, એમણે રંગબેરંગી વસ્ત્રો પહેર્યાં હતાં અને એમના ચબરાકિયાપણાને કારણે સૌનું ધ્યાન ખેંચતા હતા. ઝ્વાર્ટ પીટ કહેવાતા આ મદદનીશો ચિમનીમાંથી ઉતરે છે એવી માન્યતા છે. તેથી તેમનાં મો કાળા રંગે રંગવામાં આવે છે. તેઓ પરંપરા સાથે વણાઈને આ ઉત્સવનું અવિભાજ્ય અંગ બની ગયા છે. જોકે છેલ્લા કેટલાક સમયથી એમના એમના કાળા મેકઅપ સામે રંગભેદનો ઝંડો ઊંચો કરીને થોડોઘણો વિરોધ થઈ રહ્યો છે.



સિન્ટરક્લાસ જેવા આગબોટમાંથી નીચે ઊતર્યા કે તરત શહેરનાં બધાં ચર્ચમાં ઘંટારવ થવા લાગ્યો ને આનંદ-મંગળનું વાતાવરણ છવાઈ ગયું. પછી સફેદ ઘોડા પર બેસીને સિન્ટરક્લાસ આગળ વધ્યા. ખુદ મેયરે એમનું સ્વાગત કર્યું. ત્યાર બાદ એમનો કાફલો નિયત કરેલા માર્ગ પર આગળ વધ્યો. બાળકો સાથે એ વાતો કરતા, એમના મદદનીશો બાળકો સાથે મજાક-મસ્તી કરતાં એમને કેન્ડી, પેપરનોટન નામના બિસ્કીટ કે નાની ભેટો આપતા હતા. બાળકો એમની સાથે ફોટા પડાવી ખુશ થતાં હતાં ને માતા-પિતા પણ હરખાતાં આ બધું માણી રહ્યાં હતાં. અમને થયું કે આપણે ત્યાં દિવાળી જેવા મહત્ત્વના તહેવારનું મહત્ત્વ શહેરોમાં પહેલાં જેવું રહ્યું નથી. લોકો દિવાળીની રંજાઓમાં ક્યાંક ચાલ્યા જવાનું પસંદ કરે છે, જ્યારે હોલેન્ડમાં લોકો નાની નાની ખુશીઓને ભરપુર માણે છે.

સિન્ટરક્લાસના સરઘસનું ટેલિવિઝન પર જીવંત પ્રસારણ થઈ રહ્યું હયું. સિન્ટરક્લાસ પાંચમી ડિસેમ્બર સુધી અલગ અલગ ગોમોમાં જાય છે અને દરેક ગામમાં આ દશ્યનું પુનરાવર્તન થાય છે. દરેક ગામનાં આબાલ-વૃદ્ધ આ ઉજવણીમાં સક્રિય ભાગ લે છે. પૂરી કરવા થોડા બીજા સિન્ટરક્લાસ બધાં ગામોમાં તૈયાર હોય છે. રામગઢની માતાઓ જેમ બાળકોને ગબ્બરનો ડર બતાવતી તેમ હોલેન્ડની માતાઓ બાળકોને ડરાવે છે કે ઝ્વાર્ટ પીટ એક મોટો ચોપડો રાખે છે જેમાં બાળકોએ આખા વર્ષમાં કેવું વર્તન કર્યું તે લખી નાખે છે. સારાં બાળકોને કેન્ડી મળે છે, જ્યારે મમ્મી-પપ્પાનું કહ્યું ન માનતા તોફાની બચ્ચાઓને કોથળામાં નાખીને સ્પેન લઈ જાય છે ! સિન્ટરક્લાસનું આગમન થાય છે તે દિવસે બાળકો રાતે પોતાના બુટ ફાયર પ્લેસ કે બારી પર રાખે છે, બુટમાં સિન્ટરક્લાસના ઘોડા માટે ઘાસ અને ગાજર મૂકે છે. સવારે બાળકોને એના બદલામાં કેન્ડી અને બીજી કશીક ભેટ મળે છે. હોલેન્ડમાં ૨૫ ડિસેમ્બરનો ક્રિસમસનો દિવસ પ્રમાણમાં શાંતિથી ઉજવાય છે. લોકો ચર્ચમાં જાય છે અને કુટુંબ સાથે જમે છે.

છઠ્ઠી ડિસેમ્બર એટલે સેંટ નિકોલસનો જન્મદિવસ. તેની આગલી સાંજ આખું કુટુંબ સાથે મળીને ઉજવે છે. એ સાંજને સિન્ટરક્લાસ આફોંડ કહેવામાં આવે છે. અમારા યજમાનના ઘરે સિન્ટરક્લાસ આફોંડ અથવા સેંટ નિકોલસ ઈવની પાર્ટી હતી અને તેમનું આખું કુટુંબ ભેગું થયું હતું. ખાણીપીણી અને


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર
ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન
સંપર્કઃ શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા
099798 55686

ગપ્પાં-ગોષ્ઠિનો દોર ચાલુ હતો ત્યાં અચાનક બહારથી જોરદાર અવાજ આવ્યો. અમને સમજ ન પડી કે શું થઈ રહ્યું છે. ત્યાં તો દરવાજામાંથી સિન્ટરક્લાસ અને એમના બે મદદનીશ ઝ્વાર્ટ પીટ દાખલ થયા ! એક ઝ્વાર્ટ પીટના હાથમાં લાલ રંગનો મોટો ચોપડો હતો.

સિન્ટરક્લાસે ભારતથી આવેલા મહેમાનોની પૃચ્છા કરી અને ચોપડામાંથી અમારાં નામ વાંચ્યાં. આપણે ત્યાં કુંડળી જોઈને જ્યોતિષ પટ પટ બોલવા લાગે છે તેમ તેમણે અમારા ભૂતકાળ, શોખ વગેરે વિશે કહેવા માંડ્યું. સ્વાભાવિક હતું કે તેમને આ બધી માહિતી અમારા યજમાન પાસેથી મળી હતી. અમને જાણ થઈ કે અમારા મનોરંજન માટે યજમાને આ બધું ગોઠવ્યું હતું. ચર્ચ થોડી ફી લઈને આવી સર્વિસ પૂરી પાડે છે. સિન્ટરક્લાસ અને ઝ્વાર્ટ પીટ સૌને હસાવી, પોતાનો રોલ ભજવી પાછા ચાલ્યા ગયા. પાર્ટી હજુ પૂર બહારમાં ખીલી હતી. ક્રિસમસ હોય એટલે ભેટો તો હોય જ. ઘણા દિવસ અગાઉ ચિઠ્ઠી નાખીને કુટુંબના ક્યા સભ્યે કોને ભેટ આપવી તે નક્કી થઈ ગયું હોય છે. ભેટ આપનારે ભેટ ઉપરાંત એક કવિતા પણ લખવાની હોય છે. આ પ્રકારની કવિતાઓ વાંચવાનો અને ભેટો આપવાનો અમારો વારો પણ આવ્યો. સૌએ જેવી આવડી તેવી કવિતા લખી હતી. ડચમાં લખેલી કવિતાનો એક જણ અમને ઈંગ્લિશમાં સાર કહેતો ગયો. ભેટ મળે એટલે આપનારની સામે જ તરત જ તે ખોલવાનો રિવાજ છે. અમને ભેટ મળતા અમે પણ એ રિવાજનું પાલન કર્યું. ક્રિસમસની પહેલાં દુકાનોમાં ઈંગ્લિશ એ-બી-સી-ડીના બધા અક્ષરોના આકારની ચોકલેટો આવી જાય છે. અમારા યજમાને સૌને પોતપોતાના નામનો પહેલો અક્ષર લખેલી ચોકલેટ આપી. ગમ્મત અને હાસ્યની છોળો વચ્ચે પાર્ટી મોડી રીતે પૂરી થઈ. અમને ડચ સંસ્કૃતિનો આટલી નિકટતાથી વિરલ અનુભવ કરાવવા બદલ અમે યજમાનનો આભાર માન્યો. જો તમારી ડિસેમ્બરમાં યુરોપ જવાની યોજના હોય તો પાંચમી ડિસેમ્બર પહેલાં હોલેન્ડમાં પહોંચી જવા જેવું છે, કારમ કે છઠ્ઠી ડિસેમ્બરે સિન્ટરક્લાસ આગબોટમાં બેસીને સ્પેન પાછા ચાલ્યા જાય છે. !

● ક્રિસમિસ અગાઉ વિવિધ શહેરોમાં ક્રિસમિસ માર્કેટ ભરાય છે અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે એમસ્ટરડેમમાં પહેલી ડિસેમ્બરથી બાવીસમી જાન્યુઆરી સુધી ફેસ્ટિવલ ઓફ લાઈટ્સ યોજાય છે. જેમાં વિખ્યાત રોશની-નિષ્ણાતો એમસ્ટરડેમને શણગારે છે રાત્રિમાં એમસ્ટરડેમની નહેરો અને નદીના વિસ્તાર અદ્‌ભૂત લાગે છે. ● માસ્ટ્રિખ્ટ નામનું હોલેન્ડનું શહેર એની ક્રિસમસ માર્કેટ માટે જાણીતું છે.


KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ – ૪૦૦ ૦૦૯.

## 'અનંત છાયા' નૂતન ત્રિશિખરીય દેરાસરજી
## અંજનશલાકા તથા પુનઃ પ્રતિષ્ઠા/પ્રતિષ્ઠાના બાકી રહેલા ચડાવા

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ સંચાલિત **'અનંતછાયા'** ઘાટકોપર (પૂર્વ) સ્થિત શ્રી અનંતનાથજી ગૃહ ચૈત્યના સ્થાને નિર્માણાધીન નૂતન ત્રિશિખરીય દેરાસરજીની પ્રતિષ્ઠા નિમિત્તે અંજનશલાકા તથા પુનઃપ્રતિષ્ઠા / પ્રતિષ્ઠાના બાકી રહેલા મહત્વના ચડાવા **શુક્રવાર, તા. ૨૪-૨-૨૦૧૭ના સવારના ૯.૦૦ વાગ્યાથી** અચલગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞાવર્તીની **પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા.** આદિઠાણા તથા **પ.પૂ. યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.**ની શુભનિશ્રામાં **લાયન્સ કમ્યુનીટી હૉલ, પ્લોટ નં. ઈ-૯૩, ગારોડીયા નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ** – ૪૦૦ ૦૭૭ મધ્યે લેવામાં આવશે. સર્વે જ્ઞાતિજનોને પધારવા આમંત્રણ છે. સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી. વેલે (VALET) પાર્કીંગની સુવિધા છે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ**

## અંજનશલાકા તથા પુનઃપ્રતિષ્ઠા / પ્રતિષ્ઠાની તારીખો

**વિ.સં. ૨૦૭૩ ચૈત્ર વદ-૫ ને શનિવાર તા. ૧૫-૪-૨૦૧૭ થી**
**વિ.સં. ૨૦૭૩ ચૈત્ર વદ-૧૨ ને શનિવાર તા. ૨૨-૪-૨૦૧૭.**

**દીક્ષા મહોત્સવ શનિવાર, તા. ૨૨-૪-૨૦૧૭**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઇ

શ્રી અનંતનાથજી દેરાસર અનંતછાયા, ઘાટકોપર પ્રતિષ્ઠા મહોત્સવના ચડાવા

રવિવાર, તા. ૨૨.૦૧.૨૦૧૭

**ઘર ઘરમાં ને ઘટ-ઘટમાં આનંદ છવાયો, શ્રી અનંતનાથ દાદાનો સર્વત્ર મહિમા ગવાયો...**

**પ.પૂ.ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. નો પ્રભાવ વર્તાયો, તેથી જ ચડાવા થયા સવાયો**



ગુરૂ ભગવંત દ્વારા માંગલિક



દીપ પ્રાગટય ટ્રસ્ટીવર્યો તથા પદાધિકારીઓ દ્વારા



ટ્રસ્ટીવર્યો તથા પદાધિકારીઓ દ્વારા માળા રોપણ



શ્રી અનંતનાથ દાદાની પુનઃ પ્રતિષ્ઠાના લાભાર્થી મા.શ્રી પદ્માબેન અશોક ભેદા પરિવાર



શ્રી ચંદ્રપ્રભસ્વામિની પુનઃ પ્રતિષ્ઠાના લાભાર્થી માતુશ્રી વાંસતીબેન નવીનચંદ્ર ખોના પરિવાર



શ્રી શાંતિનાથ દાદાની પુનઃ પ્રતિષ્ઠાના લાભાર્થી માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી પરિવાર



શ્રી આદિનાથ દાદાની પ્રતિમા ભરાવનાર લાભાર્થી માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર



શ્રી આદિનાથ દાદાની પ્રતિષ્ઠાના લાભાર્થી માતુશ્રી દમયંતીબેન ચાંપશી લોડાયા પરિવાર



શ્રી મુનિસુવ્રત સ્વામિની પ્રતિમા ભરાવનાર લાભાર્થી શ્રી જયંત ભવાનજી સોની પરિવાર



શ્રી મુનિસુવ્રત સ્વામિની પ્રતિષ્ઠાના લાભાર્થી અ.સૌ. જશ્મિન અતુલ ચાંપશી લોડાયા પરિવાર



શ્રી ગૌતમસ્વામિની પ્રતિમા ભરાવનાર લાભાર્થી શ્રી જયંત ભવાનજી સોની પરિવાર



શ્રી ગૌતમસ્વામિની પ્રતિષ્ઠાના લાભાર્થી શ્રી જયંત ભવાનજી સોની પરિવાર



શ્રી પદ્માવતી દેવીની પ્રતિમા ભરાવનાર લાભાર્થી માતશ્રી તારામતી લહેરચંદ નાગડા પરિવાર



શ્રી પદ્માવતી દેવીની પ્રતિષ્ઠાના લાભાર્થી માતુશ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા પરિવાર



શ્રી મહાકાલી દેવીની પ્રતિમા ભરાવનાર લાભાર્થી માતુશ્રી કુંવરબાઇ ભવાનજી સોની પરિવાર



શ્રી મહાકાલી દેવીની પ્રતિષ્ઠાના લાભાર્થી
માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી પરિવાર



શ્રી ચક્રેશ્વરી દેવીની પ્રતિમા ભરાવનાર લાભાર્થી
માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર



શ્રી ચક્રેશ્વરી દેવીની પ્રતિષ્ઠાના લાભાર્થી
શ્રી ખેતશી પદમશી મોતા પરિવાર



શ્રી પાતાલ યક્ષની પ્રતિમાની પ્રતિષ્ઠાના લાભાર્થી
શ્રીમતી લતાબેન મણીલાલ શિયાડ પરિવાર



શ્રી અંકુશા દેવીની પ્રતિમાની પ્રતિષ્ઠાના લાભાર્થી
શ્રી શામજી નરશી દંડ પરિવાર



શ્રીકુંભ સ્થાપનાના લાભાર્થી
માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી પરિવાર



શ્રી દીપક સ્થાપનાના લાભાર્થી
શ્રીમતી પ્રિતી હીરેન લાપસીયા પરિવાર



શ્રી જ્વારા રોપણના લાભાર્થી
શ્રી નરેશ શામજી ખોના પરિવાર



શ્રી નવગ્રહ પાટલા પૂજનના લાભાર્થી
શ્રીમતી કાશ્મીરાબેન રજનીકાંત નાગડા પરિવાર



શ્રી દશ દિક્પાલ પાટલા પૂજનના લાભાર્થી
માતુશ્રી કસ્તુરીબાઇ રામજી ખોના પરિવાર



શ્રી અષ્ટમંગલ પાટલા પૂજનના લાભાર્થી
શ્રી નરેશ શામજી ખોના પરિવાર



શ્રી લઘુનંદાવૃત પૂજનના લાભાર્થી
શ્રી માણેકજી નેણશી દંડ પરિવાર



શ્રી ભગવતી મંડલ પૂજનના લાભાર્થી
શ્રી જી.વી.સી. સંઘ પરિવાર



શ્રી તોરણ બંધન પૂજનના લાભાર્થી
શ્રી ખેતશી પદમશી મોતા પરિવાર



શ્રી માણેક સ્થંભ રોપણના લાભાર્થી
માતુશ્રી કાશ્મીરાબેન અનીલ શિયાડ પરિવાર



શ્રી ચડાવા પ્રસંગે મહેતાજીના લાભાર્થી
શ્રી આણંદ પરિવાર – C. A. દેવાંગ દંડ




ચડાવા પ્રસંગે તિલકથી બહુમાનના લાભાર્થી
માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર



ચડાવા પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો



શ્રી નરેન્દ્રભાઇ નંદુ પરિવારનું બહુમાન



ચડાવા પ્રસંગે જી.વી.સી. સંઘની મહિલા કાર્યકરો



જી.વી.સી. સંઘના કાર્યકરો–પદાધિકારીઓ

KDO

અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

દ્વારા આયોજિત

# ૭૭મો સમૂહ લગ્ન



રવિવાર, તા. ૦૫.૦૨.૨૦૧૭

**મંગલ પરિણય વાટિકા :**

**શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, ભાંડુપ**

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા આયોજિત ૭૭મો સમૂહ લગ્ન

## વિશેષતા...

૫-યુગલોના પ્રભુતામાં પગલા

૧૯૮૦થી અધિક જ્ઞાતિજનો ઉત્સાહથી સમૂહલગ્ન પ્રસંગે જોડાયા

૧૪૦ થી અધિક વિવિધ જાતની નવયુગલોને ભેટ-સોગાદ

સંપૂર્ણ સમૂહ લગ્નના દાતાશ્રી શેઠશ્રી તરૂણ રતનશી કુંવરજી લોડાયા (સાંયરા-પૂના)

મુખ્ય ભેટના દાતાશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધ્ધર-વાપી)





|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર



રજીસ્ટ્રેશન નંબર : A ૧૦૩૯

લાલપુર, જિ. જામનગર – ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫–૨૭૩૩૪૮

મુંબઈ ઓફીસ : યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિવર્સલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેંબુર (વે), મુંબઈ – ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯

## દર વર્ષે પ્રમાણે આ વર્ષે પણ શ્રી ભલારાદાદાની ૨૯મી સમુહ પહેડી ચૈત્ર સુદ ૨ને બુધવાર તા.૨૯-૩-૨૦૧૭ના સાંજના ૪.૩૦ કલાકથી કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે.રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૮૦ ખાતે કરવામાં આવ્યું છે.

**આ વર્ષની પહેડીના લાભાર્થીઓ નીચે પ્રમાણે છે**

- માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર (લાખણીયા–વડાલા)
- માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા–ચેમ્બુર)
- માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર (સુથરી–જુહુ)
- માતુશ્રી બાચાબાઈ શામજી મોતા પરિવાર (નલિયા–લોનાવલા–મુંબઈ)
- માતુશ્રી લક્ષ્મીબેન વેલજી વેરશી લોડાયા પરિવાર–હસ્તે કલ્પના સોમચંદ લોડાયા (આરીખાણા–મુલુંડ)
- માતુશ્રી નવલબેન જીવરાજ લોડાયા–હસ્તે હરખ ચંદ્રેશ લોડાયા (બાંઢિયા–નાસિક)
- માતુશ્રી નવલબેન મંગલભાઈ ખોના પરિવાર (ધનરાજ કેટરર્સ) (કોઠારા–મુલુંડ)
- માતુશ્રી રતનબાઈ મણીલાલ ચત્રભુજ નાગડા પરિવાર (કોઠારા–મુલુંડ)
- માતુશ્રી રતનબાઈ ત્રીકમજી મોતા પરિવાર–હસ્તે પ્રફુલભાઈ (સુથરી–મુલુંડ)
- માતુશ્રી વિજયાબાઈ રતિલાલ લોડાયા પરિવાર (બાંઢિયા–નાસિક)
- માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરસી લોડાયા પરિવાર (રાપરગઢવાળી–ભાડુંપ)
- શ્રીમતી સરલાબેન રમણીકલાલ હરીયા (રાજ એન્ડ રાજ પરિવાર) (હાલાપુર–ઘાટકોપર)
- શ્રીમતી પીંકીબેન કમલેશ ધરમશી (જસાપર–ભાંડુપ)
- શ્રી કિરીટભાઈ પાશુભાઈ લોડાયા (શાહ) પરિવાર (મોટી ખાવડી–મુલુંડ)
- માતુશ્રી ઝવેરબાઈ ધરમશી–હસ્તે મોક્ષ ધરમશી (સુથરી–જુહુ) માતુશ્રી વિજયાબાઈ લોડાયા પરિવાર (બાંઢિયા–અમદાવાદ)

**આ પહેડીનો લાભ લેવા ઈચ્છતા દાતાશ્રી હજુ પણ રૂા.૧,૫૦,૦૦૦નો ફાળો આપી, આ અમુલ્ય લાભ લઈ શકશે.**

## લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

શ્રી ભલારાદાદાની અસીમ કૃપાથી અને દાતાશ્રીઓ તેમજ ભાવિકોના ઉદાર સહયોગથી દાદાના મૂળ સ્થાનક શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના **તા.૯,૧૦, ૧૧ એપ્રિલ ૨૦૧૭**ના ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

આ મહોત્સવ પ્રસંગે દરરોજ આરતી, ભક્તિ ભાવના અને દાદાશ્રીના પાઠ રહેશે.

**આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ છે**

**ધ્વજ મહોત્સવના દર્શન-વંદન પ્રસાદીનો લાભ મળે વર્ષે એક વાર લેનાર ભાગ્યશાળી પુણ્ય બાંધે પારાવાર**

**લિ. ભલારાદાદા ટ્રસ્ટ–લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ભાગ ૧

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૧) વિટામીન 'એ' :** વિટામીન 'એ' આંખોની જાળવણી, આંખોના આરોગ્ય માટે ખૂબ ઉપયોગી છે. વિટામીન 'એ'ની ઉણપ થાય તો આંખો બગડે, ચશ્મા આવે. આંખો ઉપરાંત વિટામીન 'એ' શરીરને તંદુરસ્ત રાખે, રોગ પ્રતિકારક શક્તિ વધારે - ચેપને દૂર કરે, શરીરના કોષો અને પેશીઓનો વિકાસ કરે, હાડકાઓને મજબૂત બનાવે, વાળની તંદુરસ્તીને જાળવે, હૃદય, ફેફસા, કીડની જેવા મહત્વના અવયવોની જાળવણીમાં અગત્યનો ભાગ ભજવે, ચામડીની સ્વસ્થતા જાળવવામાં મદદરૂપ થાય, ચામડીપરના ખીલ, ફોલ્લી એનાથી ઘટે છે. પપૈયા, જામફળ, તરબૂચ, ચીભડા, વટાણા, ટમેટાં, દૂધ, માખણ, પીસ્તા, રાજગરાના પાંદડા વગેરેમાંથી વિટામીન 'એ' મળે બિટાકેરોટીન નામના પદાર્થમાંથી શરીર વિટામીન 'એ'નું નિર્માણ કરે છે માટે કેરોટીનવાળા જરદાલુ, પાંદડાવાળી ભાજી વગેરેનું સેવન કરવું જોઇએ.

**૨) કેરેટાઈટીસ :** આંખની અંદરના કોર્નિયાપર સોજો આવી જાય એ બિમારીને કેરેટાઈટીસ કહે છે. કોર્નિયાને આંખની બારી કહે છે કેમકે એમાંથી પ્રકાશ આંખમાં પ્રવેશે છે. એનો આકાર અર્ધગોળકાર ગુંબજ જેવો છે. કોર્નિયાની જાડાઈ અડધા મીલીમીટર જેટલી માંડ હોય છે. તે આંખની કીકી માટે સુરક્ષાના આવરણ જેવું કામ કરે છે. આંખમાં બેક્ટેરીયલ કે વાયરલ ઈન્ફેક્શન, અકસ્માત કે એવી કોઈ ઘટનામાં આંખને ઈજા થાય અથવા તો વધતી ઊંમર, આવા કોઈપણ કારણસર કોર્નિયાના સૌથી ઉપરના આવરણને અસર પહોંચે, ઈન્ફેક્શન થાય તો કેરેટાઈટીસ લેન્સ પહેરતાં હોય, જેમને આંખમાં આંસુ ઓછા બનતા હોય (ડ્રાય આઈસ), ગ્લુકોમા સહિતની અમુક બિમારી હોય અથવા તો કેમોથેરપી જેવી સારવાર લેતા હોય તેવા લોકોને કેરેટાઈટીસ લાગુ પડવાની શક્યતા વધુ હોય છે.

**લક્ષણ :** આંખ લાલાશ પડતી થઈ જાય, એમાંથી પાણી ઝરે, બળતરાને દુઃખાવો થાય, આંખમાં થોડોએ પ્રકાશ જાય તો એ ખૂંચે વગેરે એના પ્રાથમિક લક્ષણ છે. વ્યાધિની તીવ્રતા પ્રમાણે આંખનો દુઃખાવો ઓછો. વત્તો હોઈ શકે એની અસર એક કે બન્ને આંખમાં સાથે વરતાઈ શકે. ધૂંધળું દેખાય. આ સ્થિતિ લાંબો સમય રહે તો આંખમાં સુક્ષ્મ ફુગ્ગા જેવું જામી જાય કે અંદર ઘારૂં (જખમ) બાજી જાય. તે ઉપરાંત કન્જક્ટીવાઈટીસ ને લીધે કેરેટાઈટીસ થઈ શકે તો ક્યારેક

## શ્રી કોઠારા સ્થાને માઁ ચામુંડાને નમતા મૈશેરી પરિવાર

શ્રી માઁ ચામુંડાની **૯મી પહેડી ચૈત્ર સુદ ૧ ને (ગુડીપડવો) મંગળવાર તા. ૨૮-૩-૨૦૧૭ના** આયોજેલ છે.

**દરેક ભક્ત પરિવાર તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા હાર્દિક આમંત્રણ છે.**

આ સંપૂર્ણ પહેડીનો લાભ

**માતુશ્રી ચંપાબાઈ લાલજી મૈશેરી**
**માતુશ્રી રતનબાઈ રાઘવજી મૈશેરી**
**માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી મૈશેરી**
} મોટી સિંધોડી પરિવારે

પરિવારે લીધેલ છે.

સમય : **સવારના ૯.૦૦ થી ૨.૦૦**

**સ્થળ :**

**આઈરીશ બેંકવેટ, પુરુષોત્તમ ખેરાજ એસ્ટેટ,**
ડૉ. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૦.

## સમૂહ પહેડી

શ્રી નલિયા નાગડા ગોત્રના શ્રી અંબાઈ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડીનું આયોજન આ વર્ષે પણ નલિયા મધ્યે રાખેલ છે.

| | |
|---|---|
| શનિવાર તા. ૨૪-૬-૨૦૧૭ | **નિમાલ, પૂજન અને રાત્રી ભાવના** |
| રવિવાર તા. ૨૫-૬-૨૦૧૭ | **સમૂહ પહેડી અને મેળાવડો અને બપોરનું જમણ** |

સમૂહ પહેડીમાં આવવા ઇચ્છતા દરેક ભાવિકોએ પોતાનાં નામ નીચે લખેલ સમિતિના ભાઈઓ પાસે લખાવી દેવા.

**મહેશ શામજી નાગડા - 09428684327**
**મહેશ ખીમજી નાગડા - 09726686851**
**જુગલ માણેકજી નાગડા - 09978002772**
**શ્રેણિક તેજપાળ નાગડા - 09426731684**
**ચેતન લહેરચંદ નાગડા - 09820105078**

**નોટ :** રેલ્વે ટિકિટ ચાર મહિના પહેલા બુકિંગ થાય છે તે માટે સમયસર બુક કરાવી લેવી.

।। શ્રી ચંદ્રપ્રભ સ્વામિને નમઃ ।।

# શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ્

C/o. શ્રી નયન લહેરચંદ મેપાણી, મે. ક્રિસ્ટલ કોલાઈડસ્ પ્રા. લિ.,
૯, અનુપમ ઈન્ડન્ટ્રીયલ એસ્ટેટ નં. ૧, ઓફ પી. કે. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

**સ્નેહી શ્રી પરજાઉ ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો અને નિયાણી બહેનો, જય જિનેન્દ્ર, પ્રમાણ**

**સહર્ષ જણાવવાનું કે શ્રી પરજાઉ જ્ઞાતિજનો અને નિયાણી બહેનોના કુટુંબોનું સ્નેહ સંમેલન અને મહાજનની સભા તા. ૧૨-૩-૨૦૧૭. ફાગણ સુદ પુનમ રવિવારના સવારે ૯.૦૦ વાગ્યાથી નીચેના સ્થળે રાખેલ છે.**

### ❖ સ્નેહ સંમેલન અને સભા સ્થળ ❖

**શ્રી વિજય સોસાયટી હૉલ (શિશુકુંજ)**, બીજે માળે, સેવારામ લાલવાણી રોડ,
મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

### ❖ કાર્યક્રમ ❖

| | |
|---|---|
| સવારના ૯.૦૦ વાગે | આગમન અને નોંધણી |
| સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ | શ્રી ભક્તિ ભાવના અને સાંસ્કૃતિક કાર્યક્રમ |
| સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦ | શ્રી ધ્વજા મહોત્સવે સ્થાનકે યોજાનારા ત્રિહ્નાનિકા મહોત્સવ સંબંધી ધ્વજા, પૂજન તેમજ અન્ય ચડાવા અને આદેશો. વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન |
| બપોરના ૧૨.૩૦ થી ૧.૩૦ | શ્રી સ્વામિવાત્સલ્ય |
| બપોરના ૨.૦૦ થી ૪.૦૦ | શ્રી ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા, યુવા મંડળ અને મહિલા મંડળની સ્થાપના સંબંધી ચર્ચા, ચા-પાણી અને આભાર વિધિ |

શ્રી પરજાઉના જ્ઞાતિજનોને તેમજ ગામની નિયાણી બહેનોને આ પ્રસંગે સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

## વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહીનો એજન્ડા

૧. ગત સભાની મિનિટસ્નું વાંચન અને બહાલી.
૨. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ના ઓડિટેડ હિસાબોની રજુઆત, ચર્ચા અને બહાલી.
૩. શ્રી નૂતન વિવિધ લક્ષી હૉલ અને ઉપાશ્રયના ઉદ્‌ઘાટન સંબંધી રજૂઆત, ચર્ચા અને નિર્ણયો.
૪. સ્થાનિક મિલકતો બાબત ચર્ચા.
૫. દેવદ્રવ્યના ખર્ચની મંજૂરી
૬. પ્રમુખશ્રીની સંમતિથી રજુઆત અને નિર્ણયો.

આ પ્રસંગે આગામી ધ્વજા મહોત્સવ પ્રસંગે યોજાનારા ત્રિહ્નિનિકા મહોત્સવ સંબંધી ચડાવા અને નકરાઓની બોલી બોલવામાં આવશે. સમય, સંજોગો અને પરિસ્થિતિ અનુસાર અંતિમ આદેશનો અધિકાર શ્રી ટ્રસ્ટ બોર્ડ પાસે રહેશે.

**શ્રી ધ્વજા મહોત્સવનો ત્રિયાનિકા મહોત્સવ તા. પાંચમી મે થી તા. ૭ મે ૨૦૧૭ સુધી ઉજવવામાં આવશે.**

શ્રી સ્નેહમિલન માટે મુખ્ય દાતા તેમજ સહાયક દાતાઓ આવકાર્ય છે. આપના સલાહ સૂચનો આવકાર્ય છે. વધુ માહિતી માટે પ્રમુખશ્રી **ગુલાબભાઈ - 098240297078** અથવા ઉપપ્રમુખશ્રી **કેતનભાઈ - 09987329999** નો સંપર્ક સાધવા વિનંતી.

**ફરી એકવાર શ્રી પરજાઉ ક.દ.ઓ. જ્ઞાતિજનો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.**



**લિ. શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ્ના ટ્રસ્ટીઓ વતી**
**શ્રી ગુલાબભાઈ ધનજીભાઈ દંડના પ્રણામ**



કેરેટાઈટીસ લીધે બીજી તકલીફ થઈ શકે, ક્યારેક દૃષ્ટિ ગુમાવી શકાય.

**ઈલાજ :** આંખમાં લાલાશ આવે, એમાંથી પાણી ઝરે કે આંખની અંદર સોજો ચડી જાય એવું આંખની અનેક બિમારીમાં થાય છે એટલે કેરેટાઈટીસનું નિદાન યોગ્ય રીતે થવું જરૂરી છે. સામાન્ય રીતે આંખના ડોક્ટર 'સ્લિટ-લેમ્પ' ટેસ્ટ કરી નિદાન કરે છે. બિમારી વધુ ફેલાઇ ન હોય તો નિશ્ચિત કારણ મુજબ દવા લઈ બિમારી નાબુદ થાય છે. કોર્નિયાને બહુ નુકશાન થયું હોય તો એ કોર્નિયા કાઢી-નેત્રદાન દ્વારા મેળવેલ કોર્નિયા તેની જગ્યાએ ગોઠવવું પડે. કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટની આ વિધિ કેરેટોપ્લાસ્ટી તરીકે ઓળખાય છે.

**કોર્નિયાનું જતન :** અમથા અમથા આંખ ચોળવાની આદત છોડો. ખાસ તો કોઈ વાયરલ બિમારી હોય ત્યારે હાથને આંખથી દૂર રાખો. કોન્ટેક્ટ લેન્સ વાપરતા હો તો સારી ગુણવતા વાળા વાપરો. ડ્રાય આઈઝની સમસ્યા હોય તો નિવારવા જરૂરી ઈલાજ કરો કે ટીપા આંખમાં નાખતાં રહો. સુતી વખતે ત્રણ ટીપા તેલના નાભીમાં નાખો અને નાભી આસપાસ પણ તેલ લગાડો. (નાભિમાં તેલ નાખવાના પ્રયોગથી હોઠ ફાટતા હશે તો તેમાં પણ ફાયદો થશે.)

ધૂળ ઉડતી હોય તેવી જગ્યાએ જવાનું ટાળો. જવાનું થાય તો આંખની બરાબર કાળજી લ્યો. આંખની બિમારી થાય તો વગર જાણે કોઈપણ ટીપા આંખમાં ન નાખો, આંખના ડૉક્ટરનું માર્ગદર્શન લ્યો.

**૩) કબૂતરની ચરક :** કબૂતરની ચરકમાં એક પ્રકારની ફૂગ હોય છે જે સુકાઈને હવામાં ફેલાઇ જાય છે. આ ફૂગ હવા દ્વારા ફેફસામાં જઈ એને પારાવાર નુકશાન કરે છે. ફેફસાં જાણે રૂંધાંતા જાય છે, એટલે આ ચેપ લાગ્યો હોય તો તે વ્યક્તિ બરાબર શ્વાસ લઈ શકતી નથી અને પરિણામે એને પુરતો ઓક્સિજન મળતો નથી. અને આરોગ્યને નુકશાન થાય છે આ બિમારીને ઈન્ટરસ્ટિશિયલ લંગ ડિઝિઝ કહે છે માટે કબૂતર અને તેની ચરકથી સાવધાન થઈ જાવ, નહિંતો આ ભયંકર બિમારી લાગુ પડે તો હેરાન પરેશાન થઈ શકો છો. આવી બિમારીથી દૂર રહેવા પોષ્ટીક ખોરાક લ્યો, પુરતી ઉંઘ કરો. પ્રાણાયામ કપાલભાંતિ વગેરે કરો, કસરત-ચાલવાનું કરો અને પ્રતિકાર શક્તિ વધારો (બેઠાડુ જીવન ત્યજો).

**૪) ગોરી ચામડી :** આપણા દેશના લોકોને ગોરી ત્વચાનો ભારે મોહ છે. એટલેકે ગોરા દેખાવા માટે લોકો એવા બ્યુટીપાર્લરમાં જાય છે જેમાં બ્યુટીશીયનને ચામડીની મૂળભૂત રચના વિશે કોઈપણ જાતનું જ્ઞાન નથી હોતું. અમુક પ્રક્રિયાથી ચામડીને નુકશાન પણ થઈ શકે. અત્યંત ગરમ દેશોમાં ચામડીનો રંગ ઘેરો હોય છે જે ચામડીને સુરજના તડકાથી રક્ષણ આપવા માટે હોય છે. દક્ષિણ આફ્રિકાના લોકો સૌથી વધુ ગોરા હોય છે અને દુનિયામાં ચામડીના કેન્સરનો સૌથી વધુ ભોગ તેઓજ બને છે. જ્યારે કાળા કે ઘઉંવર્ણા લોકોમાં ચામડીના કેન્સરનું પ્રમાણ નહિંવત જેવું જ હોય છે માટે જ ચામડીને ગોરી કરવાનો મોહ છોડી દો. અને ત્વચા ગોરી કરવી જ હોય તો ચામડીનું જ્ઞાન ધરાવતાં જ બ્યુટીશીયન પાસે જ જાવ. અને કુદરતી પદાર્થ - હર્બલ પ્રોડક્ટસ વાપરતા હોય તેની પાસે જ જાવ.

**૫) ત્વચાની બિમારીઓ :** સુતરાઉ કાપડ એ કુદરતે આપેલ સૌથી શ્રેષ્ઠ ભેટ છે. એ માનવ ત્વચા માટે આરોગ્યદાયી છે. જ્યારે નાયલોન, પોલીસ્ટર, ટેરેલીન, કેફ્રોન વગેરે કાપડ દેખાવમાં સારા લાગે પરંતુ ત્વચા માટે હાનીકારક છે. કારણકે તે ભીનાશને, પસીનાને ખેંચી લેતું નથી, ગરમીને દૂર કરી શકતું નથી. તેથી આ કાપડનો ઉપયોગ ટાળો. ખાસ કરીને ઉનાળાની ઋતુમાં કે જેમને પસીનો ખૂબ થતો હોય તેમણે આ સર્વ કપડાનો ત્યાગ કરી. સુતરાઉ કાપડનો જ ઉપયોગ કરતો જોઇએ જેથી ત્વચાનું ઇન્ફેક્શન, ત્વચાની બિમારીઓથી બચી શકાય.

ત્વચાના નિષ્ણાતોનો અંદાજ છે કે ત્વચાના રોગની ૫૦% સમસ્યા રોજબરોજના વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા રસાયણો તથા વિષમય પદાર્થોને લીધે થાય છે. પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગમાં કામ કરતાં લોકો વિવિધ પ્રકારના તેલ, ભારે ધાતુના કારખાનામાં કામ કરતા લોકો 'ટેનરી'માં વપરાતા ક્રોમીયમ સલ્ફેટના સંપર્કમાં આવે છે જેનાથી ત્વચાની બિમારીઓ થાય છે આ પદાર્થો સાથે કામ કરતા લોકોએ બેરિયર, ક્રીમ અથવા મોજાનો ઉપયોગ કરવો જોઇએ. નહીં તો ત્વચામાં બળતરા, ખંજવાળ, ફોડલા તથા ક્રોનીક અલ્સર લાગુ પડે છે જેને રૂઝાતાં લાંબો સમય લાગે છે.

પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગમાં કામ કરતાં લોકો, બૂટપોલીશ કરતાં લોકો, જીવજંતુના વિનાશ માટે પેસ્ટીસાઈડનો ઉપયોગ કરતી ગૃહિણીઓ તથા ખેતરામાં રસાયણિક ખાતર નાખતા ખેડૂતો ત્વચાના રોગનો ભોગ બને છે. પેસ્ટીસાઈડનો ઉપયોગ કરતી વખતે તે હવામાં ઉડે છે અને છાંટનારની ત્વચા અને ફેફસા પર માઠી અસર કરે છે. ટર્પેન્ટાઈન, તેજાબ ઉપરાંત ઘાસલેટ પણ ત્વચાને નુકશાન કરે છે. કોઈપણ સૌંદર્ય પ્રસાધનો પર વનસ્પતિ યુકત લખેલ હોય એટલે ચામડી માટે સુરક્ષિત છે એવું માનવાવી જરૂર નથી વનસ્પતિઓમાં પણ બિનજરૂરિયાત આલ્કલી તથા અન્ય હાનિકારક તત્વો હોય છે જે ત્વચાને નુકશાન કરે છે. તો સ્ત્રીઓ આવા સૌંદર્ય પ્રસાધનો નો છૂટથી ઉપયોગ કરે છે તેઓ ચેતે.

અનુસંધાન ૨૪મા પાને

**સંસ્થા સમાચાર — જ્ઞાતિ સમાચાર — વતન સમાચાર**

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી લાલા-સાંધવ દંડ પરિવારની ૮મી પહેડી યોજાઇ

શ્રી લાલા-સાંધવ દંડ પરિવારના શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદાની ૮ મી પહેડી તા. ૨૨-૧-૨૦૧૭ રવિવારના રોજ ભાંડુપ સ્થિત શ્રી અનંત સિધ્ધિ હોલમાં ઉજવાઈ. બન્ને ગામના ભાવિકો તેમજ નિયાણી બહેનો સપરિવાર મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પહેડી દરમ્યાન, વિશેષ કાર્યક્રમમાં વડીલ વંદના, સરસ્વતિ વંદના, તપસ્વી વંદના પહેડીના લાભાર્થી પરિવારોની વંદના તેમજ ભુઈમાં ભુઆશ્રીઓની વંદના બહુમાન કરવામાં આવેલ.

આઠમી પહેડીના લાભાર્થી પરિવારો ૧) શ્રી શામજી નરશી દંડ ૨) શ્રી નવીનભાઈ હીરજી દંડ - વેરાવળ ૩) શ્રી હિરચંદ નરશી દંડ ૪) શ્રી મણીલાલ પદમશી દંડ - ઇન્દોર ૫) શ્રી દેવશી નાથા દંડ - હ. પ્રમેશભાઈ - મહેશભાઈ - વિરચંદભાઈ ૬) શ્રી મણીલાલ પ્રેમજી ખેતશી દંડ - હ. જયેશભાઈ હતા.

ચેતના હરીયાની સંગીત પાર્ટીના પરંપરાગત ભક્તિમય ગીતો સાથે બહેનોએ રાસગરબાની રમઝટ બોલાવી. હતી.

### જીયો દિલસે એવોર્ડ્સ માટેના પાંચ ફાઈનલિસ્ટમાં જ્ઞાતિ આગેવાન પ્રબોધ મુનવર



જીયો દિલસે એવોર્ડ માટેના પાંચ ફાઈનલિસ્ટમાં ''ચાઈલ્ડ કેર એન્ડ ડેવલોપમેન્ટ'માં કોઠારા-કચ્છ હાલે વર્ધમાનનગર (ભુજ) રહેતા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનાં શ્રી પ્રબોધ એચ. મુનવરની તેમના સેવા કાર્યોની નોંધ લઈ પસંદગી કરવામાં આવી છે. તેમણે જ્ઞાતિજનોને વેબસાઈટ www.myfmindia.com/jiyodilseawards પર વિઝીટ કરી પોતાને મત આપવા માટે જ્ઞાતિજનોને અનુરોધ કર્યો છે.

૯૪.૩ માય એફ એમ એવા લોકોની હિંમતને સલામ કરે છે, જેમણે પોતાના જીવનમાં અસાધારણ કામ કર્યા છે. પોતાનાં મનને અનુસરીને સમાજ માટે પોતાનું જીવન અર્પિત કર્યું છે. ૯૪.૩ માય એફ એમનાં જીયો દિલસે એવોર્ડ સીઝન-પાંચ માટે હજારોની સંખ્યામાં નોમીનેશન આવ્યા હતા. એમાંથી ગુજરાત રિઝનમાંથી પાંચ ફાઈનલિસ્ટ પસંદ કરવામાં આવ્યા છે. એમની વોટિંગ લાઈન્સ શરૂ થઈ ગઈ છે. તમામદ્વારા જેમને પણ વધુ વોટિંગ મળશે તે કેન્ડિડેડ તે ફાઈનલ કરવામાં આવશે. તેને જીયો દિલસે એવોર્ડ્સ સીઝન પાંચથી સન્માનિત કરવામાં આવશે.

### સખીવૃંદ પુણે પર્યટન અહેવાલ

સખીવૃંદ પુણેએ ૪ ફેબ્રુઆરીના મેમાણે ફાર્મ્સ ઉરુલી કંચનના સ્થલે પર્યટનનો કાર્યક્રમ યોજ્યો હતો. પોંક પાર્ટીની મજા માંણવાનો લ્હાવો સૌએ સારી સંખ્યામાં હાજરી આપી લીધો.

કમિટીના સભ્યો દ્વારા વિવિધ રમતો રમાડવમાં આવી. નાના બાળકોએ બેલ ગાડીમાં મજ્જા કરી.

### સખીવૃંદ પુણે

સખીવૃંદ પુણેની મીટીંગ ૨૧ જાન્યુઆરીના હીનાબેન દીપક શાહના ઘરે યોજાઈ. વિષય હતો આંતરરાષ્ટ્રીય વાનગી. એને અનુરૂપ આંતરરાષ્ટ્રીય વસ્ત્ર સાથે હેટનો પહેરવેશ કરવા સૂચવેલ.

તેમણે બર્મીઝ (ખોવસુએય), ચાઈનીઝ, મેક્સીકન આમ ત્રણ આંતરરાષ્ટ્રીય વાનગીઓ બતાવી જે સ્વાદિષ્ટ ભેળ તરીકે પીરસી શકાય. એમના મતે બર્મીઝ ભેળ ગરમ પીરસાય છે. બીજી બે ભેળ ઠંડી પીરસાય છે.

વાનગીમાં વપરાતી શાકભાજીનું કટિંગ, નારિયળનું દૂધ બનાવવાની રીત તેમજ વાનગીને જૈન કેવી રીતથી બનાવી શકાય અને સજાવટ માટે તળેલા કાંદા, લીલા કાંદા અને


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

તળેલા લસણની તેયારીની સંપૂર્ણ માહિતી આપી.

મંકર સંક્રાંતિની ઉજવણી કમિટીના સભ્યોએ સર્વેને હલ્દી કુમકુમ કરી તિલગુળ સાથે શ્વેતાબેન જ્ઞાનેશ ડાગા તરફથી સર્વે હાજર બહેનોને ભેટ આપેલ. હીનાબેન શાહે પણ સર્વે સભ્યોનો જાતે બનાવેલ તિલ-ચીક્કીની ચોકલેટ આપી.

**તિરુપુરમાં યોગ શિબિર**

તિરુપુર (તામિલનાડુ)ના શ્રી સુવિધિનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની જગ્યામાં મુંબઈના યોગાચાર્ય ડૉ. ગીતાબેન અને શ્રી દીપકભાઈની શિબિર તા. ૩૦-૧-૨૦૧૭ થી ૮-૨-૧૦૧૭ સુધી યોજાઈ હતી. ૮૦ જેટલા યોગપ્રેમીઓએ તેનો લાભ લીધો હતો.

**સેવક ભરૂડીયા ગામે વાછરાદાદાનું નવનિર્મિત મંદિરનું લોકાર્પણ અને પૂજન-પ્રતિષ્ઠા**

સેવક ભરૂડીયા ગામે ગુલાબચંદ ત્રીકમજી નાગડા પરિવાર - રંગપુર દ્વારા નિર્મિત વાછરાદાદાના મંદિરનો લોકાર્પણનો કાર્યક્રમ તા. ૬-૨-૨૦૧૭, સોમવારના ગામવાસીઓ, દાતાશ્રી પરિવાર, આમંત્રિત મહેમાનોની હાજરીમાં સંપન્ન થયો. પૂજન તથા પ્રતિષ્ઠાનો લાભ શ્રી મુરજી હીરજી લોડાયા પરિવારે લીધેલ.

શ્રી વાછરા દાદાની પ્રતિમા સાથે શ્રી ગણેશજી, શ્રી ક્ષેત્રપાલદાદા, શ્રી આવડમાતા તથા શ્રી હડકોઈ માતાજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી.

શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ મુંબઈના આગેવાનો શ્રી ગોવિંદજીભાઈ પટેલ, શ્રી જયેશ લોડાયા (સાંધવ), શ્રી કુસુમ લાલકા, શ્રી કિરણ દંડ, શ્રી વિપુલ પટેલ, શ્રી રાજેશ દંડ, શ્રી પ્રકાશ લોડાયા, શ્રી મુકેશ દંડની વિશેષ હાજરી રહેલ.

**શ્રી ગોરખડી - ધ્રાફા અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ**

હાલારમાં ગોરખડી ગામે શ્રી અજીતનાથ જિનાલયે દાદાની ૧૧૮ મી ધ્વજારોહણ ફાગણ વદ -૨ તા. ૧૪-૦૩-૨૦૧૭ના રોજ આવે છે. તા. ૧૪-૦૩-૨૦૧૭ના રોજ અઢાર અભિષેક તેમજ સત્તરભેદી પુજા, સ્વામી વાત્સલ્ય-રાત્રિ ભાવના વગેરે કાર્યક્રમ યોજેલ છે.

**નાણાકીય બીલ ૨૦૧૭ની ચેરીટી ટ્રસ્ટ ઉપર અસર**

રવિવાર તા. ૫-૨-૨૦૧૭ના મુંબઈ સમાચાર સાપ્તાહિકની પારસી દર્શન કટારમાં શ્રી નીશીર એચ. હાદ્રાવાલાનો નાણાંકીય બીલ ૨૦૧૭ની ચેરીટી ટ્રસ્ટ ઉપર અસર અંગે અંગ્રેજી ભાષામાં સામાન્ય વાચકને પણ સમજ પડે તેવી સરળ અને સ્પષ્ટ ભાષામાં વિગતવાર છણાવટ કરી છે.

ચેરીટી ટ્રસ્ટો સાથે સંલગ્ન ટ્રસ્ટીઓ કારોબારીઓ, ઓડીટરો, કાયદાકીય, સલાહકારો તેમજ જીજ્ઞાસુ વાચકોએ વાંચી મનન કરવા ભલામણ છે.

**- કાંતિલાલ કેશવજી મોતા,** મુલંડ

નોંધ : પ્રકાશ સમીક્ષામાં આ લખાણનું ગુજરાતી અનુકુળતાયે પ્રગટ થશે.

**ઝૂકી તો જવાય ને !**




ગામ દલતુંગીના શ્રીમતી વિજયાબેન ડુંગરશી લાપસિયાના સુપુત્ર દિલીપભાઈએ રામજીકા ગોલ ગામે નાકોડા ભૈરવ દાદાની પ્રતિષ્ઠાનો સુંદર લ્હાવો લીધેલ તે નિમિત્તે તોજતરમાંજ તા. ૧૯-૧-૨૦૧૭ થી તા. ૨૩-૧-૨૦૧૭ સુધી સ્નેહી-સ્વજનો વગેરે મળી કુલ ૨૫૦ જેટલા લોકોને રાજસ્થાનની જે "Five Star" જાત્રા કરાવી તે ખરેખર યાદગાર બની ગઈ. સંપૂર્ણ યાત્રાનું પ્લાનિંગ, પ્રોગ્રામિંગ, સગવડો, ટીમવર્ક, મનગમતા નાસ્તા અને ભોજન વગેરે અમે ક્યારેય ભલી નહીં શકીએ. તેમની કુટુંબ-ગામ-સમાજ પ્રત્યેની લાગણી જોઈ અમે ખરેખર ભાવવિભોર બની ગયા. અવનવી ગીફ્ટ-બેંગ-બટવા-કટાસણા વગેરે પણ જીવનભરનું સંભારણું બની ગયા.

દિલીપભાઈએ પોતાના લગ્નની ૨૫મી વર્ષગાંઠની આવી ઉત્તમ ઉજવણી કરી સમાજમાં એક ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

**- મધુબેન મણિલાલ દંડ, સુશીલાબેન જેઠાલાલ ખોના, મંજુલાબેન દેવચંદ ખોના, ઊષાબેન ભાઈચંદ લોડાયા**

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

## **વરસીતપના તપસ્વીઓનું બહુમાન અને નવકારશી : ફોટાઓની વિગતો** - અનુસંધાન પાના નં. ૨૭થી ચાલુ

૧) શ્રી મુલુંડ તીર્થાધિપતિ શ્રી વાસુપુજ્યસ્વામી પ્રભુજીને થાળ ધરાવવા જતા દાતા પરિવાર સાથે શ્રી ક.વી.ઓ. સંઘના પ્રતિષ્ઠિત આગેવાન સુશ્રાવક શ્રી ઠાકરશીભાઈ કેશવજી ગડા (નાના રતાળીયા), સૌ. મિનલબેન છેડા અને અન્ય સુશ્રાવિકાઓ • ૨) પ.પૂ. સાધ્વીવૃંદને ગોચરી વહોરાવતા લાભાર્થી પરિવાર. • ૩) બહુમાન કરતા શ્રી જયંત પદમશી શાહ. • ૪) તિલક દ્વારા બહુમાન સૌ કુસુમબેન લક્ષ્મીચંદ દેઢીયા. • ૫) પારણા કરાવતા સૌ. પ્રભાબેન સોની (જુહુ) અને ખંડવા મહાજન પ્રમુખ શ્રી હિરેન વિસનજી ગોસર. • ૬) પારણા કરાવતા સૌ. માલતીબેન જયંત સોની • ૭) પારણા કરાવતા સૌ. કાશ્મીરાબેન શૈલેન્દ્ર લોડાયા (ડોંબિવલી) • ૮) શાતા પુછતા શ્રી ભાઈલાલભાઈ છેડા (ગોધરા-ઘાટકોપર) • ૯) શ્રી સંઘના ખજાનચી અને શ્રી અચલગચ્છના મંત્રી શ્રી દેવેન્દ્રભાઈ વિસનજી ગાલા (કોટડા-રોહા) • ૧૦) શ્રીમતી ધનલક્ષ્મીબેન નવીન નાગડા (અમરાવતી) અને શ્રીમતી જયાબેન વીરચંદ સોની (જુહુ) • ૧૧) હાર પહેરાવી બહુમાન કરતા શ્રીમતી વિજયાબેન, શ્રીમતી મંજુલાબેન અને અન્ય • ૧૨) નવકારશીનો લાભ આપતા વરસીતપના આરાધકો • ૧૩) ગોચરી વહેરાવમાં સહભાગી યુવા મંડળના કાર્યકર્તા શ્રી નીરવભાઈ • ૧૪) પારણા કરાવતા સૌ. કલ્પનાબેન તરૂણ ધરમશી (જુહુ) • ૧૫) દાતાશ્રી શામજીભાઈ પારણા કરાવે સૌ. ગીતાબેન ને • ૧૬) શ્રી અર્હમ-ગ્રુપ : સૌ. હર્ષાબેન સોનાવાલા (માટુંગા), સૌ. સ્નેહાબેન અશોક મોતા (પારલા), સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા (ઘાટકોપર), સૌ. કલ્પનાબેન, શ્રીમતી જયાબેન સોની, સૌ. પ્રભાબેન સોની, સૌ. માલતીબેન સોની (આ ગ્રુપે વ્યક્તિગત રૂપે હાજર તપસ્વીઓની પ્રભાવનાથી અનુમોદના કરેલ.) • ૧૭) સૌ. દમયંતીબેન, પ્રભાબેન અને વિનોદ ડાઘા • ૧૮) નવકારશી વાપરવામાં પિરસવાનું આગ્રહ કરતા શ્રી સમીર શામજી દંડ • ૧૯) શ્રી સંઘના પ્રમુખ શ્રી દિપક ગોસર અને અન્ય આગેવાનો શ્રી ચેતન દેઢીયા, શ્રી દેવેન્દ્રભાઈ, શ્રી કમલેશ લાપસીયા, શ્રી મુકેશભાઈ મૈશેરી અને અન્ય • ૨૦) થી ૨૨) લાભાર્થી દાતા પરિવાર - વરસીતપના આરાધકો સૌ. ગીતાબેન - શ્રી વિનોદભાઈ ડાઘા, સૌ. ડિંપલ, સૌ. કલ્પનાબેન, શ્રી શામજીભાઈ અને શ્રી સમીરભાઈ દંડ














૨૩) ગોચરી વહોરાવતા સૌ. તેજલબેન અને હિતેન્દ્રભાઈ નારાયણજી ધરમશી • ૨૪) ગોચરી માટે આગ્રહ કરતા શ્રીમતી હિનાબેન અને નવકારશી લાભ આપતા શ્રીમતી રમીલાબેન શીવજી લોડાયા અને શ્રીમતી લક્ષ્મીબેન વેલજી ધરમશી (સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજીના માતુશ્રી) • ૨૫) માર્ગદર્શન આપતા શ્રી હંસકુમારભાઈ મૈશેરી • ૨૬) નવકારશીના લાભ આપતા શ્રીમતી ધનલક્ષ્મીબેન, કાશ્મીરાબેન, નરેન્દ્રભાઈ અને કિન્નર છેડા • ૨૭) પ્રસંગોચિત હાજરી શ્રી હીરાચંદભાઈ, શ્રી લલીતભાઈ, શ્રી અને શ્રીમતી હિના હિરેન નાગડા (બોસ્ટર્ન અમેરિકા) • ૨૮) પ્રભાવના વિતરણમાં સહયોગ આપતા શ્રી લક્ષ્મીચંદભાઈ, શ્રી રાયચંદભાઈ, શ્રી લાભેન્દ્ર, શ્રી હિતેશભાઈ પટેલ, શ્રી રમેશભાઈ, ચિરાગભાઈ અને હિરેનભાઈ ખંડવા (મ.પ્ર.)

**આભાર :** સૌ પ્રથમ અમે આભારી છીએ આ પ્રસંગે આર્શીવચન અને ગોચરી વહેરાવવાનો લાભ આપનાર પ.પૂ.સાધ્વી વૃંદને. બીજુ પધારેલ સૌ વરસીતપના આરાધક સુશ્રાવક અને સુશ્રાવિકાઓ જેમને યોગ્ય સમય ફાળવી લાભ આપેલ. ત્રીજું આભાર સર્વે ટ્રસ્ટીગણ અધિકારીઓ અને કાર્યકર્તાઓને જેમણે બહુમાન કાર્યક્રમ અને વ્યવસ્થામાં સુંદર સહયોગ આપી પ્રસંગને દિપાવ્યો. શ્રી અચલગચ્છ સામાયિક મંડળ તેમજ શ્રી વાસુપૂજ્ય સ્વામી યુવા મંડળ ના કાર્યકરો ખાસ ઉલ્લેખનીય ફાળો શ્રી પ્રવીણભાઈ અને ભવાનજીભાઈ અને અન્ય નાના-મોટા સહભાગી વ્યક્તિઓનો. રસોડાના મહારાજ શ્રી ખાન ઉટી અને ચિમન મહારાજના જેમને પારણાની બધી વાનગીઓ બહુજ સ્વાદિષ્ટ બનાવી. ફોટોગ્રાફર શ્રી ભલારા દાદા ફોટાવાળા શ્રી ભરતભાઈનો સુંદર ફોટોગ્રાફી માટે. કંઈક જિનઆજ્ઞા વિરૂધ્ધ લખાઈ ગયું હોય કે કોઈનો ઉલ્લેખ રહી ગયો હોય તો મિચ્છામિ દુક્કડમ... **દાતા પરિવાર**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૧૨-૧૬ | મુલુંડ | તક્ષ, દિશા ચિરાગ રાયચંદ દંડ | સાંધવ | પુત્ર |
| ૨૮-૧૨-૧૬ | મસ્જીદ બંદર | ધીર, દિપ્તી કિરીટ લોડાયા | તેરા | પુત્ર |
| ૨૮-૦૧-૧૭ | ડોમ્બીવલી | ખુશી, મુક્તા ભાવિન મહેન્દ્ર મોમાયા | સાંયરા | પુત્રી |
| (ભુલ સુધાર) | | | | |
| ૦૧-૦૨-૧૭ | માટુંગા | દેવ, ઉર્વી જયેશ વિજય મોમાયા | સાંયરા | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૨-૧૭ | મુલુંડ | મોનેશ ઈન્દ્રકુમાર શામજી ધરમશી | સુથરી | ૨૬ |
| | ડોમ્બીવલી | ઉર્વી રતીલાલ શામજી સાયલા | તેરા | ૨૪ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૨-૧૭ | દમણ | ક્રિષ્ના વિજય વિરચંદ વિકમશી | રાણપર | ૨૪ |
| | લંડન | પ્રીતિ અર્જુન બાલુ | લંડન | ૨૨ |
| ૧૬-૦૨-૧૭ | ચેમ્બુર | અનિલ ચેતન લક્ષ્મીચંદ લોડાયા | રવા | ૨૯ |
| | વડોદરા | વિધિ વિજય મનોહરલાલ મહેતા | વડોદરા | ૨૭ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૨-૧૬ | બુરહાનપુર | કૌશલ અશોક ગોવિંદજી લોડાયા | વારાપધર | ૨૭ |
| | ડોમ્બીવલી | શ્વેતા કાન્તીસ દેવશી ધૂલ્લા | સુથરી | ૨૬ |
| ૧૫-૦૨-૧૭ | હુબલી | દર્શન વિમલ નવીનચંદ્ર લાલકા | બાંઢીયા | ૨૫ |
| | ઘાટકોપર | ફોરમ લલીત ધનજી ધરમશી | સુથરી | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૨-૧૭ | આદીપુર | ધનબાઈ પદમશી નાગડા | પરજાઉ | ૯૦ |
| ૧૪-૦૨-૧૭ | થાણા | પ્રમોદ દામજી દેવશી ખોના | જખૌ | ૬૭ |
| ૧૪-૦૨-૧૭ | ગાંધીધામ | ખેતસી વેલજી ધરમશી | જશાપર | ૭૭ |
| ૧૬-૦૨-૧૭ | ડોમ્બીવલી | હીરબાઈ નરશી મૈશેરી | મોટી સિંધોડી | ૯૦ |

૬) **ફૂદીનો :** ફૂદીનાનું નામ લઈએ એટલે પાણીપુરીનું પાણી અને ફૂદીનાની ચટણીની યાદ આવે જ. ફૂદીનો પાચનક્રિયામાં મદદ કરે છે. તે શરીરના પાચકરસોને ઉદીપ્ત કરે છે જેથી પાચન સારી રીતે થાય. ફૂદીનાનો રસ પાચનમાં મદદ કરે તેથી અતિસાર (ઝાડા)માં ઉપયોગી થાય છે. છાતીમાં બળતરા અને અલ્સરમાં રાહત આપે છે. પિત્તાશયની પથરી ઓગાળવામાં મદદ કરે છે. ફૂદીનાની સુંગધ માત્રથી મગજ સક્રિય થઈ જાય છે. ફૂદીનો અને તેમાંથી બનાવવામાં આવેલ તેલ બેચેની, માનસિક નિરાશા (ડીપ્રેશન) ઘટાડે છે. મગજમાં લોહીનું ભ્રમણ સુધારે છે. રક્ત અવરોધ થતાં અટકાવે છે. શરદીમાં ઉપયોગી છે. જંતુ કરડી ગયું હોય, ગરમીમાં થતી ત્વચા પરની ફોલીઓની તકલીફમાં ફૂદીનાનું તેલ, મલમ કે લોશન લગાવવાથી ઠંડક થાય છે, રાહત અનુભવાય છે.


**પ્રવિણભાઈ પીર**

કુટેલી બુંદીનાં લાડું, તલનાં લાડું, મુઠીયા, કાંટરાંના લાડું તેમજ સુવારી આપના ઓર્ડર મુજબ પેકીંગ કરી બનાવી આપવામાં આવશે.

Mob.: 9820887191 / 9324887191 / 7504277191


**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :** વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.

# કે.ડી.ઓ. યુથ ફોરમ - હુબલી ચેપ્ટર દ્વારા કચ્છી પ્રીમિયર લીગ-૨ નું આયોજન




કે.ડી.ઓ. યુથ ફોરમ દ્વારા તાજેતરમાં કચ્છી પ્રીમિયર લીગ-૨ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. **શ્રી વિરેન્દ્ર દામજી છેડા**એ મુખ્ય સ્પોન્સર તરીકે તેમજ **૧) પ્રદીપ એસ. શાહ, બિજોય બી. મોમાયા, સંદિપ એચ. લોડાયા**એ કચ્છી સ્ટાઈકર ટીમના માલિક રૂપે **૨) અમિત એમ. દંડ, મયુર સી. પટેલ, ભાવેશ પી. શાહ, મિલન કે. છેડા**એ એમબીએ ચેલેન્જર્સ ટીમના માલિકરૂપે **૩) અશ્વીન પી. ધરમશી, સચીન એલ. લોડાયા, કૌશિક કે. ધરમશી**એ રસોઈ રેન્જર્સ. ટીમના માલિક તરીકે **૪) જતિન એસ. મોમાયા, નિતેશ આર. પટેલ, મિલન ડી. ધરમશી**એ મહાવીર ટાઈગર્સ ટીમના માલિક તરીકે આયોજનને સફળ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

મુખ્ય આયોજક : **જય બી. મોમાયા, અક્ષય એલ. મોમાયા** અને **ગૌરવ એમ. ખોના**ના આ આયોજનને સફળ બનાવવા **દર્શિત બી. મોમાયા, સૌરભજી લોડાયા, કેવલ જે. ખોના, દૃષ્ટિ એન. શાહ, રોનક બી. લોડાયા, ડિમ્પલ પી. નાગડા** અને **મિહિર કે. ખોના**એ ખાસ જહેમત લીધી હતી. વિશેષ આભાર : કૉમેન્ટેરી - **ખિરેન્દ્ર ધરમશી, વિજય ચિંતામણી**, સ્કોરર - **કૈલાશ મુનવર**, એમ્પાયર - **પંકજ એસ. લોડાયા, ઉદય એસ. લોડાયા.**


Trophy launch by the Sponsor


Organising Team


Trophies

Sponsor Opening KPL-2




View of the Match


Women's Winner Arihant Achievers


Womens Team Royal Rangers


Winners Kutchi Strickers


Runner-up Mahaveer Tigers


Team Rasoi Rangers


Team MBA Challenger


Commentators of KPL-2

# શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ દ્વારા મુલુંડમાં રહેતા વરસીતપના તપસ્વીઓનું બહુમાન નવકારશીના લાભાર્થી પરિવાર અ.સૌ. ગીતાબેન વિનોદભાઈ ડાઘા (વરાડીયા) અને સંઘમાતા અ.સૌ. કલ્પનાબેન શામજી દંડ (સાંધવ)














































શ્રી સંવત ૨૦૭૩ મહાવદ સાતમ્ ને **શુક્રવાર તા. ૧૭-૦૨-૨૦૧૭ નો સોનેરી દિવસ :** આજે શ્રી અચલગ્છાધિપતિ તપસ્વીરત્ન **પ.પૂ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**નો મુંબઈ તરફ પ્રયાણના વિહારનો પહેલો દિવસ. આજના પાવન દિવસે શ્રી અચલગચ્છ જૈન સમાજ મુલુંડના શ્રી વાસુપુજ્ય સ્વામી ઝવેર રોડ દેરાસરજીના પ્રાંગણમાં પૂજ્યપાદના સ્વર્ણીમ તપની અનુમોદનામાં જોડાયેલ શ્રી મુલુંડ અચલગચ્છ સંઘ મુલુંડ (વેસ્ટ) ૮૦, અને મુલુંડ (ઈસ્ટ) ૮૧ અને ગોવર્ધન નગર મુલુંડ ૮૨ વગેરે સંઘમાંથી વરસી તપનાં કુલ ૨૨૫ આરાધક (સુશ્રાવક અને સુશ્રાવિકાઓ)નું બહુમાન કરવામાં આવેલ. અનુમોદનામાં નવકારશીના આયોજનના દાતા **અ.સૌ. ગીતાબેન વિનોદભાઈ ડાઘા** (વરાડીયા) બન્ને વરસી તપના આરાધક અને **અ.સૌ. કલ્પનાબેન શામજીભાઈ દંડ** (સાંધવ)નો પણ શ્રી સંઘે બહુમાન કરેલ. આ પ્રસંગે કરેલ આનાફંડમાં સહભાગી દાતા પરિવારના સભ્યો, શ્રી મુલુંડ (ઈસ્ટ) ૮૧ અને મુલુંડ ૮૨ના સભ્યોનો યોગદાન અને શ્રી અચલગચ્છ મુલુંડ સંઘ તરફથી આમ કુલ ૩૦૦/- રૂા ની વરસી તપના આરાધકોને પ્રભાવના કરવામાં આવેલ. બન્ને દાતા પરિવાર તરફથી બધા તપસ્વીઓને અનુમોદનાર્થે ખડીશાકર, ગુંદર અને ગોળની પ્રભાવના કરવામાં આવી.

આ પ્રસંગે થાણા અને શ્રી સર્વોદય પાર્શ્વનાથ દેરાસર થી વિહાર કરી અને હાજર તપાગચ્છના સાધ્વીઓએ પણ નવકારશીનું ગોચરી વહોરવાનોનું લાભ દાતા પરિવાર અને સ્નેહી સંબંધીઓને આપેલ.

સૌ પ્રથમ શ્રી વાસુપુજ્ય સ્વામીને થાળ ધરાવ્યા પછી સકળ સંઘ દ્વારા સાધ્વીશ્રીજીઓનું ઉષ્માભર્યું આવકાર કર્યા બાદ **પ.પૂ. સા. શ્રી ભાવગુણાશ્રીજી મ.સા.**એ અચલગચ્છાધિપતિ ની સ્વર્ણીમ સળંગ ૫૦મા વરસી તપની તપસ્યાને બિરદાવતા આર્શીવચન આપ્યા. જેમાં શ્રી આદીનાથ પ્રભુના બે તપ - વરસીતપ અને ગીરીવરની ૯૯ યાત્રાની મહિમાનું વિશેષ ઉલેખ કરતા સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓને વડોદરામાં બધા ૫ આચાર્યોની નિશ્રામાં ચર્તુવિધ સંઘમાં અને પછી પ.પૂ. ગચ્છાધિપતિના મુંબઈમાં પ્રવેશ વખતે પ્રથમ સામૈયામાં મુલુંડ નગરે જોડાવવા અનુરોધ કરેલ અને શ્રી મહાકાલી માતાજીની સ્તુતી કરાવી. પ.પૂ. સા.શ્રી. મૌનગુણાશ્રીજી મ.સા.એ માંગલિક સંભળાવ્યા, અન્ય ૧૨ આદીઠાણાએ પણ શુભાશિષ આપ્યા. નવકારશી વહોરવાનું લાભ તપસ્વીસહ દાતાશ્રીઓનાં આમંત્રિત મહેમાનોને પણ આપેલ.

લિ. **શ્રી અચલગચ્છ જૈન સમાજ વાસુપુજય દેરાસર, મુલુંડ** વતી **વિનોદ ડાઘા** (વરાડીયા - મુલુંડ)

**તસ્વીરોની વિગત :** ૧) થાળ ધરાવવાનો ૨) ગોચરી વહોરવાનું અને બહુમાન તથા નવકારશીના પારણા ૩) લાભાર્થી પરિવાર

અનુસંધાન પાના નં. ૨૩ ૫૨

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (20-02-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001


# 3D PRINTING








A leading **3D Printing** Company from our **Community** at Sion who is doing projects and has done projects for Tatas, BARC, leading Architects and Doctors needs boys / girls from our **Community** who are interested in learning 3D printing and also earning stipend upto Rs.10,000/- per month.

Interested person should email to **hr@meltingmints.in**


## ક્રિસમસ અગાઉ હોલેન્ડમાં ઉજવાતા સિન્ટરક્લાસ ફેસ્ટિવલની મજા માણવા જેવી છે

**– ચંદ્રિકા લોડાયા, જન્મભૂમિમાંથી સાભાર**







આખી દુનિયામાં ૨૫ ડિસેમ્બરના ક્રિસમસનો તહેવાર ધામધૂમથી ઉજવાય છે. પણ હોલેન્ડ (નેધરલેન્ડ્સ)માં પાંચમી ડિસેમ્બર મહત્ત્વનો દિવસ ગણાય છે અને જોશભેર ઉજવાય છે. સાન્તા ક્લોસ શબ્દ જેના પરથી આવ્યો એ સેન્ટ નિકોલસનો જન્મદિવસ છઠ્ઠી ડિસેમ્બર છે, પણ હોલેન્ડમાં તે ઉજવાય છે આગલા દિવસે એટલે કે પાંચમી ડિસેમ્બરની સાંજે !

સાન્તા ક્લોસને ડચ ભાષામાં સિન્ટરક્લાસ કહેવાય છે. સિન્ટરક્લાસ ડેનું મહત્ત્વ અહીં ક્રિસમસ કરતાંય વધુ છે. આમ તો આ તહેવારનો માહોલ ૧૧ નવેમ્બર પછી આવતા પહેલાં શનિવારથી જ બનવા માંડે છે. એ દિવસે સિન્ટરક્લાસનું આગમન સ્પેનના મેડ્રીડથી હોલેન્ડમાં ભારે દબદબાથી થાય છે.

અનુસંધાન ૧૮માં પાને

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,